
# અધ્યાત્મ

વર્ષ : ૯
અંક : ૭
એપ્રીલ : ૧૯૯૮



## * સદ્‌ભાવભરી ભેટ *

'અધ્યાત્મ' માસિકને સદ્‌ભાવભરી ભેટ આપવાનો પુનિત પ્રવાહ સતત ચાલતો રહે છે, તેમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપા કામ કરતી રહે છે, એવો અમે સતત અનુભવ કરીએ છીએ. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂા.

૧૫૧ શ્રી મનસુખલાલ કાનજીભાઈ સારંગ, મુંબઈ.

૨૫ શ્રી ચંદ્રકાન્ત બી. ટેલર, રાંદેર.

૧૧ શ્રી અશ્વિનભાઈ સી. સુરતી, વડોદરા.

૧૦૧ શ્રી શાન્તાબેન મણિલાલ કાકા, વડોદરા.

૫૧ એક સાધક તરફથી.

૧૧ શ્રી જયોત્સ્નાબેન ગોરધનભાઈ કલોલા, મોરબી.

૧૦૧ વડોદરાના એક સાધકભાઈ તરફથી.

૧૫૦ શ્રી શિરીષભાઈ, વડોદરા.

૩૦ શ્રી મણિલાલ ભોગીભાઈ શાહ, વડોદરા.
પેન્શનમાં વધારો થતાં.

૧૦૧ શ્રી દેવયાનીબેન પ્રભુભાઈ ભકત, સુરત. ભાઈ જયેશના લગ્ન નિમિત્તે.

૫૧ શ્રી સુખલાલભાઈ રણછોડભાઈ પૂજારા, મોરબી પુત્રી મંજુલાના વેવિશાળ નિમિત્તે.

૧૧ શ્રી મણિલાલ મગનભાઈ લાડ, પરવટ.

૧૫ શ્રી લાલજીભાઈ દામોદર અમૃતિયા તરફથી બેન મંજુલાના લગ્ન નિમિત્તે.

૨૫ શ્રી મહેશભાઈ મગનભાઈ.

૧૦ શ્રી અનામી સાધક તરફથી.

૧૧ શ્રી ઠાકોરભાઈ જી. દેસાઇ સુરત.

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૯ અંક : ૭ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ (વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૯ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| બારડોલીની અનોખી શિબિર | નારાયણ હ. જાની | ૧૦ |
| મહાન સૂફી હ. શાહશુજા | મુરાદખાન ચાવડા | ૧૭ |
| શ્રી રંગ અવધૂત દર્શન | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૨૨ |
| સત્યદર્શન આડે અંતરપટ | ભાઇલાલભાઇ છાટબાર | ૨૫ |
| ગીતાજી કેટલા સમયમાં કહેવાયાં ? | ભૂપતરાય મો. ઠાકર | ૨૯ |
| મન-મંદિર | અનિરુદ્ધ મો. ઠાકર | ૩૨ |
| જ્ઞાનની દ્યુતિ | મહેન્દ્ર ઈ. પંડ્યા | ૩૫ |
| એક ઘડી આધી ઘડી | કલ્યાણ | ૪૩ |
| ચિન્તા | રાજુ પારેખ | ૪૯ |
| શિબિરાર્થીઓના પ્રતિભાવો | — | ૫૫ |
| પ્રકાશના પંથે | સં. પરમાર્થી | ૫૮ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૩ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૯ એપ્રીલ-૧૯૮૮ અંક : ૭

## શ્રી યોગેશ્વર કથામૃત

વિક્રમ સંવત ૨૦૩૬ શ્રાવણ વદ ચોથ ને શુક્રવાર. તારીખઃ-૨૯/૮/૧૯૮૦.

સ્થળઃ-'સુભાષ'-૧૯૮૮-એ, સરદારનગર, ભાવનગર.

ગઈરાત્રે પૂ. માતાજીની તબિયત બગડી હતી. પૂ. શ્રીને ઉજાગરો હોવા છતાં ૪-વાગે ઉઠી સ્નાન કરી, વ્યાયામ કરીને પૂ. શ્રી પૂ. માતાજીને પણ સ્નાન કરાવે છે.

પૂ. શ્રી નિયમ પ્રમાણે દૂધ પીને પોણા અગીયાર સુધી એક ધારી સેવા પૂ. માતાજીની કરે છે. પંદર-વીસ મિનિટ આરામ કરે છે સાડા અગિયારે મુલાકાતી-સત્સંગીઓ આવી ગયાં છે. પૂ. શ્રી પૂ. માતાજીને કોફી પીવડાવી પોણાબારે આવે છે. પંદર મિનિટ દરમ્યાન ત્રણચાર પ્રશ્નો પુછાયા.

પ્રશ્નઃ-મારી છોકરીને શરીર પર ડાઘા છે તો શું કરવું જોઇએ ?

પૂ. શ્રીઃ-શરીરના દુઃખો માટે ડોકટરો, વૈદ્યો પાસે જાવ, ઉપચાર કરાવો, તેમના પર વિશ્વાસ રાખો. સૂરતના સગરામપરાના ડૉ. મધુસૂદનભાઇ જોષી તે માટે સારા છે. તેમને મળો.

પ્રશ્નઃ-મારે ગુરુમંત્ર જોઈએ છે. હાલમાં હું નમો ભગવતે વાસુદેવાય જપું છું.

પૂ. શ્રીઃ-એ જ મંત્ર બરાબર છે, પણ એ મંત્રની આગળ ૐ લગાડજો.

બેનઃ-હા. પણ મારે ગુરુ નથી તો મારાથી આ માર્ગે આગળ વધી શકાશે ને ?

પૂ. શ્રીઃ-કોઈ ગુરુ ન મળે તો પ્રભુને જ ગુરુ માનો. તમારું જપ કરવાનું કામ તો બરાબર ચાલે છે ને ?

બેનઃ-હા, ચાલે છે.

પૂ. શ્રીઃ-તમારું કામ બરાબર ચાલે છે તો પછી ગુરુ ન હોય તો કંઈ બળજબરીથી થોડા ગુરુ બનાવાય ! જુઓ, ગુરુ વિના પણ લાડુ ખાઈએ તો તે પેટમાં જ જાય છે ને ! તમારી અંદરથી એવી ગુરુ માટેની ભૂખ જાગે, ગુરુ વિના હવે આગળ ચલાય એમ જ નથી, તો પ્રાર્થના કરો. પ્રભુ તમારે માટે યોગ્ય ગુરુ મેળવી આપશે. પ્રભુ પણ ગુરુનું જ કામ કરે છે. પ્રભુની ઇચ્છા હોય તો માનવગુરુ પણ પ્રભુ મોકલી આપે.

બેનઃ-હું તો ભગવાન દત્તાત્રેયને ગુરુ માનું છું તો ચાલે ખરૂં ?

પૂ. શ્રીઃ-ભગવાન દત્તાત્રેય તો ગુરુના પણ ગુરુ છે. હમણાંના ઘણાં ગુરુઓ તો ભરમાવનારા પણ હોય છે.

પ્રશ્નઃ-માનવના કામોને પ્રતિકૂળતા આપે એવો મંત્ર હોય છે ખરો ?

પૂ. શ્રીઃ-મંત્ર પ્રતિકૂળતા આપે એવા નથી હોતા. આપણાં કર્મો જ પ્રતિકૂળતા ઉભી કરે છે. કર્મના ઋણાનું-બંધથી આપણને એમ લાગે કે મંત્રને લીધે પ્રતિકૂળતા આવી.

પ્રશ્નઃ-ગાયત્રીમંત્ર જપનારે શી શી સાવધાની રાખવાની



હોય છે ?

પૂ. શ્રી આ પ્રશ્ન પૂછનારને જ થોડા પ્રશ્નો પૂછે છે.

પૂ. શ્રીઃ-ગાયત્રી મંત્ર તમે જપો છો ?

ઉત્તરઃ-હા.

પૂ. શ્રીઃ-તો એનો અર્થ જાણો છો ?

ઉત્તરઃ-એમાં સદ્‌બુદ્ધિની પ્રાર્થના છે.

પૂ. શ્રીઃ-સદ્‌બુદ્ધિ એટલે શું ?

ઉત્તરઃ-સારી બુદ્ધિ.

પૂ. શ્રીઃ-દૂધ પીને આવું છું એમ કહી દારૂપીને આવો તે સારી બુદ્ધિ ગણાય ?

ઉત્તરઃ-ના.

પૂ. શ્રીઃ-શરીર પાછળ છાકટા ન થવાય, સ્રીઓ સાથે ઝઘડા ન થાય, આવકમાંથી અમુક ટકા દાન આપવું જોઇએ, ભૂલેચૂકે પણ કોઇનું ખરાબ ન થાય તેનું ધ્યાન રાખવું સદ્‌બુદ્ધિ એટલે કુ માંથી મુક્તિ. ( ખરાબમાંથી, દુર્ગુણોમાંથી મુક્તિ ). ગાયત્રી જ શું કામ ! બધા જ મંત્રો જપતી વખતે આવા સદાચારના નિયમો પાળવા જોઇએ.

બાર વાગ્યે ફરી પૂ. શ્રી પૂ. માતાજી પાસે આવી ગયા. બપોરના દોઢ સુધી બેઠા. ત્યારબાદ ભોજન લીધું. પૂ. શ્રી નાનાબાળકને જેમ સમજાવી, પટાવીને માતા બાળકને ખવ-ડાવે તેમ આજે બાળક માતાને સમજાવી આગ્રહ કરી જમાડતા. ભોજન લીધા પછી પણ ફરી બપોરના ૩-૦૦ વાગ્યા સુધી ખડે પગે ઉભા રહ્યા. ત્રણ થી ચાર પૂ. માતાજી ઉંઘી ગયાં હોવાથી પૂ. શ્રી પણ તેમની પાસેજ આરામ કરે છે. ફરીથી ૬-૩૦ સુધી પૂ. શ્રી તેમની પાસે જ રહે છે.

બીજુ આજથી પ્રવચન સ્થળ બદલાયું છે. પૂ. માતાજીની તબિયત વધુ અસ્વસ્થ હોવાથી ઉતારા પરના મેદાન પરજ

પ્રવચન ગોઠવાયાં. આજે પ્રવચનમાં પૂ. શ્રી હિમાલય ને સરોડામાં પોતાને થયેલા દિવ્ય અનુભવોની વાત કરે છે.

સાંજે બટાકા પૌંઆનો નાસ્તો ને દૂધ લે છે. ફરી પૂ. માતાજી પાસે રાત્રે સાડાદશ સુધી સેવામાં હાજર થઈ જાય છે, નાસ્તો કરતાં કરતાં સ્વજનોની વાત, હો. ની વાતને સેવાની વાતો કરે છે.

તારીખ ૨૦મી થી પૂ. શ્રીનો જીવનમંત્ર પૂ. માતાજીની તન-મન-ધનથી સેવા કરી પ્રસન્નતાનું/સંતોષનું દાન દઈને કલ્યાણ જ ઇચ્છવાનો છે. સર્વશ્રેષ્ઠ આદર્શ પુત્ર તરીકે સેવા કરતાં કરતાં પૂ. શ્રી ઘણીવાર કહે છે, "એ અમારી માતા છે માટે નહીં, પણ મારી સાથે રહેલો એક જીવ જે આપણને શ્રદ્ધાથી વળગી રહ્યો છે વળી મારા તપસ્વી જીવનનાં સાક્ષી છે, એ દૃષ્ટિએ હું એમનું ખૂબ ધ્યાન રાખું છું. એમને વૃદ્ધાવસ્થામાં બને એટલી શાંતિ આપવાનો પ્રયત્ન કરૂં છું. મમત્વથી નહીં પણ આદર્શ કર્તવ્ય પાલનની દૃષ્ટિએ તેમને સર્વપ્રકારની શાંતિ આપવાનો પ્રયત્ન કરૂં છું."

ભાવનગરનો આ ઉતારો પ્રભુને ખૂબ જ અનુકૂળ છે. કારણ કે પૂ. શ્રીના નાનપણના બાલસખા, સર્વશ્રેષ્ઠ શ્રદ્ધાળુ ભક્ત ભાઈશ્રી નારાયણભાઈ જાનીનું મકાન છેક પાડોશમાં જ છે અને અનન્ય ભક્ત ભાઇશ્રીના ધર્મપત્ની શ્રી સરસ્વતીબેન પણ ખૂબ સેવાભાવી, પ્રેમાળ, સમજુ ને શ્રદ્ધાળું છે. સામાન્ય રીતે પરિવારનું એકજ સભ્ય સંતને પૂજ્યભાવથી જોતું હોય, પણ અહીં આખુંયે ઘર પૂ. શ્રીની સેવામાં હાજર છે. આખોયે દિવસ ઘરના બધાજ સભ્યો જ્યારે ને જ્યાંથી, જેવી પણ સેવા મળે તે સેવા કરવા તે હંમેશા તત્પર જ રહે છે. એમનો જ નાનોપુત્ર અજય પૂ. શ્રીની ને પૂ. માતાજીની લોહચુંબકીય સારવાર કરે છે. મોટો પુત્ર રાજેન્દ્ર



અને તેમની પત્ની ઉર્વશી પણ મૂંગી છતાં સર્વશ્રેષ્ઠ સેવા ઉઠાવે છે. અરે ! એમના ઘરમાં વાસણ કપડા માટે આવતાં ચંપાબેન પણ ખૂબ જ ભાવિક છે.

પૂ. શ્રીના સાન્નિધ્યે આ બધા પરિચયો થયા નહીંતર એકડા વિનાનાં મીંડા જેવાં. આ જીવની શું કિંમત ? પૂ. શ્રીને લીધે પૂજાયાં, પૂ. શ્રીને લીધે ઓળખાયાં, પૂ. શ્રીને લીધે પૂછાયાં, તે બધું પ્રભુના કારણે જ. હું તો પ્રભુના ચરણ-કમલની રજ છું. પ્રભુને જીવનના સર્વસ્વ માની સમર્પણ કર્યું. તો એ શ્રી ચરણકમલની ધૂળને પણ લોકો પુણ્યશાળી, ભાગ્યવંતી માને એ સ્વાભાવિક છે, એ ન્યાયે આ ધૂળની રજકણને પણ લોકો નમે, વંદે, પૂજે તેનું એકજ કારણ કે પૂ. શ્રી જેવા આદર્શ સંત અવતારી પ્રભુના શ્રી ચરણોની ધૂળની હું નાનકડી રજકણ છું ને ! હરિઃ ૐ

૩૦-૮-૧૯૮૦

પૂ. શ્રીનું સવારે દર્શન થયું ત્યારે તે હજામત કરતા હતા. સતત ઉજાગરા કરીને કોઇપણ જાતનો થાક, કંટાળો આળસ નહીં આ મહાપુરુષ ફક્ત પવિત્ર પ્રેમભાવને કારણે જ પૂ. માતાજીની અહોરાત્ર સેવા કર્યા કરે છે. તેમની સાથે પૂ. શ્રી મોડી રાત સુધી વાત કરે છે. એ વાર્તાલાપથી માનસિક અશાંતિ વધતી હોવાથી બહારની જગ્યામાં ખુરશી-પર અઢી વાગ્યા સુધી મારે બેસી રહેવાનું બન્યું. વળી પૂ. શ્રીને ક્યારે, કેવી જરૂર પડે તેમની સેવા માટે પણ રાહ જોઇને બેસી રહેવાનું બનતું.

કસોટીઓમાં પણ સ્વસ્થ, પ્રસન્ન રહેવાની તાલિમ અહીં મળી રહી છે. સવારે નિયમ પ્રમાણે પૂ. શ્રી સેવા કરીને દૂધ લે છે. છેક અગિયાર ને પચ્ચીશ મિનિટ સુધી સેવામાં ખડેપગે ઊભા છે. ફક્ત ૨૦ મિનિટનો આરામ કરી પૂ. શ્રી

પોણાબારે મુલાકાત માટે બહાર આવે છે.

પણ આજની મુલાકાતમાં મારી તનમનની અસ્વસ્થતા હોવાથી બેઠક ઉપર ન ગઈ છતાં આરામ કરતાં જે કાંઈ સાંભળ્યું તેની નોંધ લીધી.

આજે મહુવા અંદરથી એક યુવાનભાઈ પૂ. શ્રીને મહુવા આવવાનું આમંત્રણ આપવા આવે છે એટલે પૂ. શ્રી એમના જૂના પરિચિતોને યાદ કરે છે. મહુવામાં એકવાર પૂ. શ્રીનો ઉતારો એક પ્રેસમાં હતો, ત્યારે ત્યાં બે નાનકડી છોકરીઓએ પૂ. શ્રીના લાંબા ઉપવાસ જોયા. એની એવી અસર થઈ કે બન્ને છોકરીઓએ આજીવન અપરિણીત રહેવાનો નિર્ણય કર્યો. એની વાત પૂ. શ્રીએ કરી.

મહુવાના આમંત્રણ અંગે પૂ. શ્રીએ કહ્યું કે આમંત્રણ માટે તો જૂના પરિચિત વ્યક્તિઓએ મળવા આવવું જોઈએ. અમારા ઉતારાની સગવડ વિચારાય અને પાછી એમાં પ્રભુની-ઈચ્છા પણ જાણવી પડે. આ મહાત્મા તો સ્વમાની ને પાકા છે. લોકોની ખૂબ ભાવના હોય તો પહેલાં અહીં સૌ મળવા આવે. આટલી વાત બાદ પૂ. શ્રીએ રાજપીપળાની વાત કરી કે રાજપીપળાના આમંત્રણ માટે કેટલીયે વારની મુલાકાત પછી તે સ્વીકાર્યું. પૂ. શ્રીએ પોતાની માંદગીની વાતો કરી, વળી મારે કોઈ ફંડ, ફાળા જોઈતા નથી એટલે હું કોઈની પણ શરતે બંધાતો નથી. હમણાં તો પૂ. માતાજીની તબિયત પણ સારી નથી. પ્રભુની ઈચ્છા હશે તો પછી આવીશું. સમય થતાં સૌ વિદાય થયા.

પૂ. માતાજીને કશુંજ ખાવું ન હતું કારણ કે પોણાબાર પહેલાં પૂ. શ્રીએ ખૂબ આગ્રહ કરીને કંઈક ને કંઈક આપ્યું હતું. અમે બન્નેએ પણ ભોજન લીધું, પણ દરરોજની જેમ આજે ઉત્સાહ ન હતો. ભોજનને અંતે પૂ. શ્રીએ સુખડી



બનાવડાવીને બે ટૂકડા લીધા. સુખડી લેતાં લેતાં પૂ. શ્રીએ શ્રી નારાયણભાઈ તથા શ્રી સરસ્વતીબેનને કહ્યું, કે હું અહીં બેઠો છું તે પણ ભગવાનની ઈચ્છાથી, માંદગીમાંથી સાજો થયો તે પણ તેની ઈચ્છાથી. આપણી પોતાની ઈચ્છાથી કાંઈ જગત થોડું ચાલે છે ! પરમશક્તિની ઈચ્છાથીજ બધું થઈ રહ્યું છે. તમે તમારી ઈચ્છાથી જવા માંગતા હો તો જઈ શકો છો. પણ તમારે મારી સામે જોઈને રહેવાનું છે વિ... વળી પરમશક્તિ મા જગદંબા શું કહે છે તે પણ પૂ. શ્રીએ ડાયરીમાં આજની તારીખમાં સંદેશો આપ્યો. (ક્રમશઃ)

—મા સર્વેશ્વરી

---

આળસ અને ગંદકી માણસના શત્રુ છે.

સુખી થવું હોય તો સાદા બનો

અજ્ઞાની અમીર કરતાં જ્ઞાની ગરીબ મોટો છે.

સારા ગુણોજ સાચી સંપત્તિ છે.

અભિમાન થાય ત્યારે મૃત્યુને સંભાળજો.

તમારૂં ભાવિ તમારાજ હાથમાં છે.

અભ્યાસ અને વૈરાગ્યથી મનને વાળી શકાય છે.

શ્રમ વિનાનો ખોરાક ઝેર સમાન છે.

સાચો ભક્ત સદાય સ્વતંત્ર છે.

જુવાની, જોખમદારી અને હુકમદારી પચાવવી બહુ મુશ્કેલ છે.

જગતમાં સત્તાધીશ વધારે ઉચ્ચ પદે છે.

પ્રભુદાસ પટેલ

# બારડોલીની અનોખી શિબિર

નારાયણ હ. જાની

બારડોલીથી લગભગ ૩ કીલોમીટર દૂર આવેલ અગાસી માતાજીના મંદિરના પ્રાંગણમાં ત્રણ દિવસનો ધ્યાન સાધના શિબિર રાખવાનું જ્યારે સત્યપથ કલ્યાણ કેન્દ્રના કાર્યકર ભાઈઓએ નક્કી કર્યું ત્યારે એ ભય હતો કે અહીં કેટલા સાધકો આવશે ?

કારણ કે અહીં શિબિરના સ્થળમાં આધુનિક સુવિધાથી ટેવાયેલાં ભાઈ બહેનો માટે બાંધેલા મકાનોના ઉતારાની ને જાજરૂ બાથરૂમની સગવડ ન હતી. ખાડા જાજરૂ ને ખુલ્લામાં નળ નીચે સ્નાન કરવાનું હતું.

બીજુ કે માર્ચ માસની ૧૮, ૧૯ અને ૨૦ તારીખો શિક્ષક ભાઈ બહેનોને તેમજ કેટલાક વાલીઓને પરીક્ષાઓને કારણે પ્રતિકૂળ હતી. પરંતુ તેમાં ફેરફાર શકય ન હતો–કેમકે પૂ. શ્રીની ચતુર્થ પુણ્યતિથિ તા. ૧૮ માર્ચના રોજ આવતી હતી.

વળી બારડોલીથી અગાસી માતાનું સ્થાન ખાસ્સુ દૂર હતું. પગે ચાલીને બારડોલી શહેર સુધી પહોંચવું અગવડભર્યું હતું ને અહીંથી વહેલી સવારે કે રાતે જવા માટે વાહનની સગવડ સહેલાઇથી ઉપલબ્ધ ન હતી.

પરંતુ કોઈપણ કાર્યમાં જ્યારે પ્રભુની સંમતિ હોય ત્યારે તે સફળ થઇનેજ રહે છે. એમાં લૌકિક ગણત્રીઓ કામ કરતી નથી, બધી ધારણાઓ ખોટી પડે છે. અહીં પણ એવુંજ થયું.

કારણ કે પ્રભુની એ ઇચ્છા હતી. પ.પૂ. માશ્રી સર્વેશ્વરીની



સંમતિ મળી ચૂકી હતી. વળી જે સ્થાનમાં શિબિર યોજાતી હતી તે સ્થાનનો પ્રભાવ પણ એમાં કારણભૂત ખરોજ.

ચારસો સાધકો બહારગામથી આવ્યા ને આસપાસના વિસ્તારના સો ઉપરાંત લોકો રોજ વહેલી સવારે આવતા ને શિબિરમાં જોડાતા.

શિબિરના આયોજનનો સર્વ ભાર પૂ. શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. માના કપૂરાના અનન્ય ભક્ત શ્રી ઇશ્વરભાઈ ભકતે ઉપાડેલો. એમને મનમાં આ કાર્ય કેટલું મોટું ને કેવી ભારે આર્થિક જવાબદારી ભર્યું છે તેનો પૂરો ખ્યાલ હતોજ. છતાં પ્રભુમાં અને પૂ. ગુરૂદેવમાં એમને પૂરી શ્રદ્ધા હતી. પોતાની શ્રદ્ધાની કસોટી માટેજ જાણે પ્રભુએ આ અવસર ઊભો કર્યો છે, એવું એમને લાગ્યું. આ કાર્ય સરસ રીતે કેમ પાર પડ્યું તે આપણે એમના શબ્દોમાંજ જોઇએ.

“ પૂ. માએ જ્યારે આ શિબિરના આ સ્થળ માટે સંમતિ આપી ત્યારે અમે આયોજન માટેની આવશ્યકતાઓ ને તેનો વિચાર કરવા માંડ્યો. પાંચસો સાધકોની ગણત્રી રાખી, આખું આયોજન કરવા વિચાર્યું. અમારા અંદાજ પ્રમાણે રૂા. ૫૫ થી ૬૦ હજારનું ખર્ચ થાય એમ હતું વળી સ્થળ ઉપર ઉતારાની બીજી સુવિધા ન હોવાથી, મોટી વિશાળ ખુલ્લી ચોપાડને બહેનો માટેના ઉતારામાં ફેરવવાનું અને ભાઇઓને સત્સંગ મંડપમાંજ ઉતારો આપવાનું વિચાર્યું. તે માટે ૫૦૦ કરતાં વધુ સાધકો સારી રીતે બેસી શકે એવો વિશાળ સમિયાણો બાંધવાનો હતો. પૂ. શ્રી હવે બાપુએ જરૂરી બધી સહાય આપવા કહ્યું હતું, પરંતુ પૈસા માટે કોઇ પણ પાસે માગવું નહિ એવો અમારો સંકલ્પ હતો. શિબિરાર્થીઓના રૂા. ૩૦ લેખે વધુમાં વધુ રૂા.

૧૫૦૦૦ આવે એમ હતા; જે રકમ જરૂરિયાતના ચોથા ભાગ જેટલી માણ થાય."

"અમે અગાસી માતાને ને પૂ. ગુરૂદેવને આ કામ પૂર્ણ કરવા પ્રાર્થના કરી; શિબિરનું નક્કી થયા પછી પંદર દિવસ એમને એમ પસાર થઈ ગયા. તે દરમ્યાન બે વાર કપૂરાથી સુરત જતાં અમે શ્રી દવે બાપુને મળી મંડપ તેમજ ઉતારાની બીજી વ્યવસ્થા અંગે વાતચીત કરેલી. હવે શિબિર આડે પંદર દિવસ રહ્યા હતા. ત્યાં અચાનક એક દિવસ બાજીપરાથી શ્રી હીરાભાઈ ભક્ત અમારી પાસે આવ્યા અને અમને કહ્યું, "તમે શિબિરનું આયોજન કર્યું છે. અમારી ઈચ્છા છે કે શિબિરાર્થીઓને અમે જમાડીએ."

અમે પૂછ્યું," એક ટંક કે બે ટંક ?" એમણે કહ્યું, "બે ટંક. આખા દિવસના ભોજનનો ખર્ચ અમે આપીશું."

રસોયાને મળી એનો અંદાજ લીધો ને તેમણે અંદાજ પ્રમાણે રકમ આપી દીધી. પ્રભુએ સુંદર શરૂઆત કરાવી.

તે પછી પરદેશથી પધારેલા શ્રી ધીરૂભાઈ ભકતે ચોખ્ખા ઘીની ફાડા લાપસીના જમણની ઇચ્છા વ્યકત કરી ને તેના અંદાજ પ્રમાણે પૈસા આપ્યા. વળી વડોદરાના સાધક શ્રી વિનુભાઈ અમીને ગંગાપૂજન નિમિત્તે એક ટંક મિષ્ટાન્નનું ભોજન પોતા તરફથી આપવા લખેલું. એટલે ભોજન ખર્ચની અમારી ચિન્તા પ્રભુએ મટાડી દીધી. કોઇની પણ પાસે હાથ લાંબો ન કરવાનો કે સામેથી ન માગવાનો અમારો સંકલ્પ પૂ. ગુરુદેવે અદ્ભુત રીતે પૂરો કર્યો. અમારી શ્રદ્ધા—અમારો વિશ્વાસ મા જગદંબાએ સાચો ઠેરવ્યો."

એવીજ વાત પૂ. શ્રી દવે બાપુના જીવનની. શાસ્ત્રોમાં આપણે વાંચીએ છીએ કે ભક્તની શ્રદ્ધા પ્રભુ કેવી અદ્ભુત રીતે



પૂરી કરતો હોય છે, તેવાજ પ્રેરક પ્રસંગો માશ્રી અગાસી માતાના સ્થાનના વિકાસમાં તેમજ તેઓની વિવિધ પદ-યાત્રાઓના સાંભળી સાધકોની શ્રદ્ધાને પુષ્ટિ મળી; કારણ કે જેમના જીવનની એ ઘટનાઓ છે, તે પ્રત્યક્ષ સામેજ ઊભેલા છે. અનેક ઉપદેશો કરતાં અનુભૂતિની પ્રત્યક્ષ વાતોજ માનવ મનને વિશેષ અસરકર્તા બને છે. એ રીતે સાધકોને આનંદ થયો.

આ શિબિરના પ્રથમ દિવસે પૂ. શ્રીનો નિર્વાણ દિન હોવાથી પૂ. માને નિર્જળા હતી. ફાગણ મહિનાનો અંતિમ દિવસ હોવા છતાં દિવસના બપોરના ભાગમાં સારી એવી ગરમી લાગતી. તેમાં પૂ. માનો પાણી વગરનો ઉપવાસ. એટલે કેટલું બધું કપરૂં લાગે? શિબિરના ત્રણ દિવસમાંથી પૂ. માને બે દિવસ તો સાવ નિર્જળા હતા. દિવસની ગરમીમાં પૂ. માને માથે ઠંડા પાણીનાં પોતાં મૂકવાં પડતાં કારણ કે ૧૪૬૦ દિવસોના ઉપવાસોના પરિણામે શરીરની ભૌતિક શકિત તો ક્ષીણ થઇ છે.

પરંતુ આત્મિક શકિતના આધારેજ પૂ. માનું જીવન ટકી રહ્યું છે, એની પ્રતીતિ સાધકો કરી રહ્યા છે.

પૂ. માનો આટલા બધા ઉપવાસો છતાં અવાજ એવો તીવ્ર ને રણકાદાર છે કે લાગે નહિ કોઇ ઉપવાસી વ્યક્તિ આ બોલી રહી છે.

પૂ. માનો શિબિરાર્થીઓને સંદેશો છેઃ-

"પ્રભુને સર્વ સમર્પણ કરતાં શીખો. પછી જોઇલો—જીવનમાં કોઇ મુશ્કેલી નહિ રહે. તમારો સઘળો જીવનભાર પ્રભુ પોતે વહેશે. એક મુનીમની જેમ દૈનિક જીવનનો હિસાબ પ્રભુને સાંજ પડે સોંપી દો ને રાતે નિરાંતે સુવો."

એના અનુસંધાનમાં પૂ. મા બુલંદ અવાજે ગાઇ ઊઠે છેઃ–

" જેના જીવનમાં શ્રદ્ધા જાગી
હરિ સાચવે તેને હેત ધરી.
કદી સંસારે તમે કંટાળો
(તો) સોંપી દો સઘળી જંજાળો,
સોંપી દો જીવન લગામ ત્યાં
મંગલ કરનારો માલિક જ્યાં.
સોંપે છે હિસાબ મુનીમ જે
સુખ શૈયામાં પોઢે તે,
એની ચિન્તા સઘળી શેઠ કરે
એ તો નિદ્રાહીન થઈ પડખાં ફરે.
એ રીત મુનીમની ન્યારી છે
પણ શેઠને એ તો પ્યારી છે,
સોંપી દો હિસાબ મુનીમ બની
જીવનની આંટીઘૂંટી સઘળી.
શામળિયો શેઠ ફીકર કરશે
તમને તે શાંતિ પરમ ધરશે.
સોંપી દો જીવનની બાજી
એ તો સંભાળે બનતાં રાજી.
છૂપાવો ના હરિથી તો કાંઈ
હળવા બની જાઓ બાળક થઈ.
તો તો હરિ હેતથી સામે કહે
" અંકે લઇ લઉં છું આજ તને."
અંતરથી કહું " પ્રભુ, તારો છું,"
તો તો હરિ કહે, " તું મારો છે."
" હરિના બનવામાં મોજ ઘણી
તે સર્વેશ્વરીએ માણી ઘણી."



પૂ. માનો આજ જીવન સંદેશ છે. એકવાર શ્રદ્ધાપૂર્વક હરિના થઈ જાઓ, પછી એની મોજ માણો. પરંતુ આ અભાગિયો જીવ સંસારના માણસોની સહાય ને મદદ માંગે છે, પરંતુ પ્રભુ પાસે કાંઇ માગતો નથી; એટલે જ દુઃખી છે.

પ્રભુ પાસે શું માગવું જોઇએ એનો ઉલ્લેખ કરી પૂ. મા ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનું એક સરસ ભજન સંભળાવે છે.

શું માગું રે શું માગું ?
કહે તારી પાસે તે શું માગું ?

પછી કહે છે મને ખાવા પાશેર લોટ જોઇએ એ તો મળી રહે છે, રહેવાને ઝૂંપડી પણ મળે છે, પછી ધન અને પ્રાસાદને હે પ્રભુ! હું તારી પાસે શું માગું ? અન્તમાં કહે છેઃ–

" માગું તો એક તારૂં મનડું માગું
કહે તારી પાસે તે શું માગું ? "

" હે પ્રભુ, તારૂં મન મને આપી દે જેથી તું સતત મારોજ થઈને રહે." મન આપી દીધા પછી પ્રભુ શું કરી શકે ?

એટલે પ્રભુ પાસે, ધન, દોલત, વાડી વજીફા, બૈરી છોકરાં કે પદ–પ્રતિષ્ઠા જેવી ભૌતિક ક્ષુલ્લક વસ્તુઓ ના માંગતા. એતો ભાગ્ય મુજબ મળી રહેશે. એની ચિન્તા ના કરતા. એક પ્રભુનેજ માગજો. નહિ તો છેતરાયા સમજજો. એની ભક્તિ કરતાં રિદ્ધિસિદ્ધનાં રમકડાં એ આપીને તમને ભૂલાવામાં નાંખશે. ત્યાગ કર્યો પછી પણ હજારો એમાં ફસાયા છે. જો જો, તમે એમાં ફસાતા. જીવનની ધન્યતા પ્રાપ્ત કરવી હોય તો ઊઠો, જાગો આજ સમય છે, પ્રભુના થઈ જઈને એને ભજવા લાગી જાઓ. એના જેવું એકેય સુખ નથી. સંસારની કરોડોની સંપત્તિ પણ એની બરોબરી કરી શકે

એમ નથી. અમે આ અમારા અનુભવના આધારે કહી રહ્યાં છીએ. શાસ્ત્રોનો આજ સાર છે. ”

પૂ. માની આજની વાણીમાં એવો તો જુસ્સો ને અનુભવનો રણકાર છે કે સાંભળનારા સર્વે મંત્ર મુગ્ધ બનીને એ દિવ્ય દૈવી વાણીનું પાન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. સહુ કોઈ સ્થળ ને સમયનું ભાન ભૂલ્યા છે. પૂ. માના દિવ્ય શબ્દોનો રણકાર એમના હૃદયમાં સોંસરવો ઉત્તરી રહ્યો છે. લાગે છે કે “ આજે સાચું જીવન જીવાયું. પ્રભુની કૃપા કે ધન્યતાનો આ પ્યાલો પીવાની તક પ્રભુએ અમને આપી. જેનાથી બીજા અનેકો વંચિત રહી ગયા :

પૂ. મા પણ અદ્‌ભુત છે. તેઓની ગમે તેટલી શારીરિક નબળાઇ કે અશક્તિ–પ્રેમી ભક્તોને જોતાંજ અદૃશ્ય થઈ જાય છે. મા પોતાના ભૌતિક અસ્તિત્વનું ભાનજ ભૂલી જાય છે ને ભક્તો સાથે સત્સંગમાં એવાં તો તલ્લીન બની જાય છે કે ન પૂછો વાત. આધ્યાત્મિકતાનો અર્ક કે સાધનાનું શ્રેય અહીં સાધકો જાણે પ્રત્યક્ષ જોઈ રહ્યા છે. જીવનની કૃતાર્થતાની એ અદ્‌ભુત ક્ષણો છે. જે એના સાક્ષી બન્યા તે કૃતકૃત્ય થયા, બડભાગી બન્યા. એટલી ક્ષણો માટે પ્રભુના થઇ ગયા.

પૂ. મા અંતમાં કહે છે. “ તમારા દૈનિક જીવનમાં પ્રભુને અપનાવો, એને સહભાગી બનાવો. એનું સાન્નિધ્ય માણતાં જીવન જીવો; પછી જોઈ લો એ શું ચમત્કાર કરે છે! આ શ્રદ્ધાનું ભાથુ અમે તમને શિબિરમાં આપ્યું છે, એને જે જીવનમાં આચરશે–ઉતારશે, તે પ્રભુની કૃપાનો અનુભવ કરી શકશે. અમારી તે માટે ગેરંટી છે. એક વખત અનુભવ તો કરી જુઓ. ”

( પૃષ્ઠ ૫૨ ઉપર )



# મહાન સૂફી હ. શાહશુજા

મુરાદખાન ચાવડા

ઈસ્લામના સૂફીવાદ( સૂફી-સાફ, પવિત્ર )ના મહાન દુરવેશોમાં હ. શાહશુજાની ગણના થાય છે. તેઓનું જન્મસ્થાન ઈરાનમાં આવેલ કિરમાન પ્રદેશમાં હતું. તેઓને હ. અબુતુરાબ, હ. ઈપરા અને હ. અબુહાફિઝ જેવા મહાન સૂફીવાદીઓથી સોહબત ( સહવાસ ) મળેલી. આમ તો હ. શાહશુજા મહાન દૂરવેશ ( વૈરાગી ) હતા. પરંતુ તેમનો પહેરવેશ કોઈ અમીરના જેવો રહેતો, તેઓ રાજવંશી હતા.

હ. શાહશુજાને વારસદારમાં એક પરહેજગાર ( ધર્મપરાયણ ) પુત્રી હતાં. એક વખત કિરમાનના બાદશાહે હ. શાહશુજાની પરહેજગાર પુત્રીનું માગુ મોકલ્યું. હ. શાહશુજાએ તેનો ઉત્તર વાળવા ત્રણ દિવસની મહેતલ માગી. આ ત્રણ દિવસ દરમિયાન હ. શાહશુજાએ પોતાની દીકરી માટે લાયક વરની શોધ આદરી. મસ્જિદોમાં તપાસ કરી. ત્રીજા દિવસે તેમને એક મસ્જિદમાં ફકીર જેવો ભાસતો એક યુવક મળી આવ્યો. જ્યારે આ યુવક તેમની નજરે ચડ્યો તે વખતે પેલો યુવક નમાજમાં એકાગ્ર હતો. પેલા યુવકને હ. શાહશુજાએ નમાજનીજ હાલતમાં નિરખવા લાગ્યા. તેમને એવું લાગ્યું કે ‘ પેલા યુવકનો દોર અલ્લાહથી બંધાઈ ગયો છે ! ” જ્યાં સુધી પેલો યુવક નમાજ પઢતો રહ્યો ત્યાં સુધી હ. શાહશુજા રાહ દેખતા ઉભા રહ્યા. પેલા યુવાને નમાજ પૂરી કરી ત્યારે હ. શાહશુજાએ પેલા યુવાનને પૂછ્યું.

“ હે, જવાન ! તમારો નિકાહ ( લગ્ન ) થયેલ છે ? ”

" ના, જી."

" તમારે, લગ્ન કરવાની ઈચ્છા છે ?"

" મારા જેવા મુફલિસ( દરિદ્ર )ને કોણ કન્યા દેવા તૈયાર થાય ? મારી પાસે મૂડીમાં માત્ર ત્રણ ફદિયાં છે. અને રહેવા માટે એક ભાંગી તૂટી કુટિયા છે. આ મારી માયા મૂડી છે. તે સિવાય મારી પાસે બીજું કંઈજ નથી."

" ચાલો, હું તમને મારી દીકરી પરણાવું, એમ કરો, બજારમાંથી એક ફદિયાનું લોબાન, એક ફદિયાની નાન ( રોટલી ), એક ફદિયાની મિસરી ( સાકર ) લઈ, ચાલો."

પેલા યુવાન દૂરવેશે તેમના કહ્યા પ્રમાણે કર્યું અને હ. શાહશુજા સાથે તેમના ત્યાં ગયો.

આ યુવાન દૂરવેશની જોડે તેઓની લખતેજીગર ( હૃદયના ટુકડા ) જેવી પુત્રીનાં ઘડીયાં લગ્ન કરાવી દીધાં. આવા તપસ્વીઓ જગતની બ્રામકતાથી વિરૂદ્ધનું જ કામ કરતા હોય છે. કયાં કિરમાનનો બાદશાહ અને કયાં મુફલિસ પેલો યુવાન ! ભૌતિકવાદીઓ કોને પસંદ કરશે ? બાદશાહત કે ફકીરીને કે મુફલિસીને !

હ. શાહશુજાનાં પુત્રી પણ મહાન સૂફિયા હતાં. તેઓ પણ દૂરવેશી અંદાજ( દષ્ટિ કોણ )નાં હતાં. પિતાના આવા પગલા સામે ન કોઇ ફરિયાદ હતી કે ન કોઈ શંકા, કે ન હતી ઐશ્વર્યએષણા !

દીકરી પોતાના પતિ સાથે તેમના ઘેર ! તૂટેલી કુટિયાએ આવ્યાં અને કુટિયામાં જઈ નિરીક્ષણ કર્યું તો એક ખૂણામાં પાણીનો કૂંજો પડ્યો હતો. તે કૂંજાના ઢાંકણા ઉપર સૂકાઇ ગયેલા નાનના ટૂકડા પડ્યા હતા. તે ભાળી દુલ્હને ( નવોઢાએ ) વેણ કાઢ્યાં:–



" આ શું છે ? આ નાનના ટૂકડા શા માટે રાખ્યા છે ?"

" રાત્રે ખાવા ખપ લાગશે, એટલે મૂકી રાખ્યા છે."

દુલ્હનનું મોં એકદમ પડી ગયું. " મને મારા પીયર મૂકી જાવ, મારાથી આ ઘરમાં રહી શકાય તેમ નથી."

" હું પહેલેથી જ જાણતો હતો કે, હ. શાહશુજા જેવા અમીરની દીકરી મારા જેવા દરિદ્ર નિરધનની અહેલિયા ( પત્ની ) થઇ શકે જ નહીં; અને હું આપના પીયર જેવી સુખ સાહ્યબી કયાંથી આપી શકું ?"

" શું આપને અલ્લાહ પર ભરોસો નથી ? કે જે આખા જગતના જીવોને રીઝક ( આહાર ) સમયસર પહોંચાડે છે તેની શું આપને ખબર નથી ? શું તેના ઉપર ભરોશો નથી કે સવારે જેણે ભોજન પહોંચાડ્યું તે શું સાંજે નહીં પહોંચાડે ? મને અફસોસ થાય છે, કારણકે મારા પીદરગિરામી( પિતાજી )એ મને આટલી મોટી કરી મને બચપણથી જ તાલીમ આપી છે કે " હું તારું લગ્ન અલ્લાહ તવ્વકલ ઈન્સાન સાથે જ કરીશ. મને નવાઈ લાગે છે કે મારા પિતાજીએ આપને પારખવામાં ભૂલ કરી છે. તેનું મને દુઃખ થાય છે. શું આપને અદશ્ય અલ્લાહ ( આલિમુલગયબ ) ઉપર ઈમાન નથી ?

પતિને પોતાની ભૂલ સમજાણી.

" આ ગુન્હા( પાપ )ની તોબા ( પ્રાયશ્ચિત ) કરવાનો રસ્તો બતાવશો ?"

" કાંતો આ ઘરમાં નાનરેઝ ( રોટલીના ટૂકડા ) રહે કાં હું !"

" હવે ત્યારે, આ નાનરેઝા નાખી દઉં છું," એમ કહી પેલા યુવકે રોટલીના ટૂકડા કુટિયા બહાર ફેંકી દીધા.

* * *

હ. અબુ હાફિઝે નિશાપુરથી હ. શાહશુજા પર પત્ર લખ્યો "બિરાદર, મારી નફસ ( ઈન્દ્રિયો ) અને હમાલ ( કર્મો ) તરફ દૃષ્ટિપાત કરતાં હું નિરાશ થઈ જાઉં છું."

ઉત્તર લખ્યો, "આપના પત્રને મેં સીને ( હૃદય ) લગાવ્યો, ઇન્દ્રિયો અને કર્મોથી આપણે નિરાશ ખરેખર થઈ જઈએ છીએ. માત્ર અલ્લાહની રહેમત ( દયા ) જ એવી વસ્તુ છે કે જેના વિચારથી આપણી આશાઓ ઉજ્જવળ બને છે અને આનાથી અલ્લાહથી ડરીને ચાલવા માટેની વૃત્તિઓ પણ ઉજ્જવળ થાય છે. હું જ્યારે નફસથી નિરાશ થાઉં છું ત્યારે પ્રાર્થના કરું છું અને જ્યારે ઈબાદત ગુજારું છું ત્યારે અલ્લાહ મારી જરૂરથી દુવાઓ સાંભળી લે છે. આના લીધે ઇન્દ્રિયો પર કાબુ મેળવી અલ્લાહ તરફ વળ્યો છું."

હજરત શાહશુજાએ જગત આગળ સૂફીવાદના ગુઢ રહસ્યોનું માર્ગદર્શન આપતો મહાન ગ્રંથ "મીરાતુલ હકમા" ( જ્ઞાનીઓનો અરિસો ) રચ્યો છે.

## હ. શાહશુજાનાં સુખુનો ( સદ્વચનો )

(૧) જે દૂરવેશ પોતાના મહત્ત્વ તરફ લક્ષ રાખતો નથી. તેનું જ મહત્ત્વ સૌથી વધારે છે. જેનું લક્ષ પોતાના મહત્ત્વ તરફ રહે છે, તેવા દૂરવેશમાં કોઇ મહત્ત્વ રહેતું નથી. જે પોતાના પ્રેમ તરફ લક્ષ રાખતો નથી, તેનાજ પ્રેમ ઈશ્કે ઇલાહીની મહત્તા સર્વોપર છે, પોતાના તરફ દૃષ્ટિ રાખનારામાં જરાક પ્રેમ હોય છે. અને તે પણ નાશ પામે છે.

(૨) તર્કે દુનિયા ( વૈરાગ્ય ) એ દિદારે ખુદાની અતિ ગૂઢ સામગ્રી છે, તેને ગુપ્ત રાખવામાંજ ભલાઈ છે. જેઓ તર્કે દુનિયા જાહેર કરે છે. તેને વૈરાગ્ય અને દિદારે ખુદાના ગુઢ



રહસ્યોથી વંછિત રહેવું પડે છે.

(૩) દૂરવેશીનાં ત્રણ લક્ષણો છે. (૧) સંસારનાં માનમોભો અંતરમાં સ્થાન પામવાં જોઇએ નહીં માટી, સોનું જવાહરાત બધાજ એક સમાન. (૨) લોકો તરફ મન રહેવું ન જોઇએ. પ્રશંસા અને નિંદાથી પર યા બેપરવા. (૩) અંતરમાંથી લૌકિક વિષયની કામનાઓ નષ્ટ થવી જોઇએ.

(૪) સબ્ર( સહન ચીલતા )નાં ત્રણ લક્ષણો (૧) નિંદાનો ત્યાગ (૨) નિર્મળ સંતોષ (૩) આનંદથી ધર્મના ફરમાનો-નો અમલ.

(૫) જે આંખો અશુદ્ધ દર્શનથી બચે છે, નિત ઇબાદતથી જે અંતરને પાક રાખીને ઈમાન રાખી પોતાના ચારિત્રને પાક ( પવિત્ર ) કરે છે. અને સદાય હલાલની રોજી ( પરસેવો પાડીને ) આરોગે છે. તેના ઇલ્મ( જ્ઞાન )માં કશી પણ ખામી આવતી નથી.

નામ સંકીર્તન ને ભજન માણુસના પોતાના હૃદયમાં પ્રેમ પ્રકટાવીને ઈશ્વરને પ્રસન્ન કરવા માટે છે. તે એક પ્રકારની ઊંચી આરાધના છે. તેના આરાધ્ય દેવ એક ઈશ્વર જ છે. ઈશ્વરના પવિત્ર આસન પર સાધારણ જનતા કે લૌકિક સ્વાર્થ ના બેસી જાય, ને ઈશ્વરને બદલે તેનીજ આરાધનાનો આરંભ ના થાય તે કીર્તન ને ભજન કરનારે ખાસ ધ્યાનમાં રાખવાનું છે.

# શ્રી રંગ અવધૂત દર્શન

રજૂઆતઃ–ઝિંઝુવાડિયા કનૈયાલાલ

## "નારેશ્વર"ની પસંદગીની ભીતરમાં

આજનું પ્રવૃત્તિથી ધમધમતું અને અનેક સુવિધાઓ-વાળું નારેશ્વરધામ જોઈ પુરાણા સમયનું–પાંચેક દાયકા પહેલાંનું નારેશ્વર તો યાદ પણ ન આવે તે સ્વાભાવિક છે. એ સમયનું નારેશ્વર એટલે આજુબાજુનાં પાંચ સાત ગામોનું સ્મશાન.

આજે જ્યાં અનેક ઇમારતો દેખાય છે ત્યાં ફાફડા થુવરની અને અનુસરીનાં વૃક્ષોની ઝાડી જ ઝાડી. નાના મોટા સર્પો તો આમ તેમ ફર્યા કરતા નજરે ચઢે જ ચઢે. અત્યંત ઝેરી એવા મોટા વીંછીનું તો જાણે વન! આવા જંગલમાં દશ–પંદર દિવસ સુધી માણસનું મોં પણ જોવા ન મળે, ધોળે દહાડે પણ ખાવા ધાય એવું એ ભેંકાર સ્થાન. છતાં અવધૂતજીએ અહીં આસન જમાવ્યું કારણ કે એમને પોતાની ઘનિષ્ટ સાધના માટે, અનુષ્ઠાન માટે, આવું જ એકાંત જોઇતું હતું.

અહીં નરી ભયાનકતા જ હતી છતાં અવધૂતજીની નજરે આવતાંની સાથે જ એક દિવ્ય દૃશ્ય પણ પડયું. એક મોટો નાગ બે મોરલાઓની વચમાં ગેલ કરતો, રમતો હોય તેમ જોયું. સાધારણ રીતે આ બંને એક બીજાને જોતાં જ ખાવા-મારવા દોડે. તેના બદલે તેમને સાથે રમતા જોઈને શ્રી રંગ અવધૂતજીને આ સિદ્ધભૂમિ છે તેની ખાતરી થઇ ગઇ. પછી તો આ દૃશ્ય ઘણી વાર નજરે પડતું.



વળી ઘણીવાર સવાર–સાંજ નારેશ્વર મહાદેવના મંદિરમાં જાણે આરતી થતી હોય, ઘંટનાદ થતા હોય, વેદમંત્રો ભણાતા હોય તેમ પણ સાંભળવામાં આવતું. પાસે જતાં બધું બંધ થઈ જાય. તેથી દૂરથી સાંભળીને જ તેમણે એવા દિવ્યનાદને સાંભળવાનો આનંદ લૂંટ્યા કર્યો.

❋

એક દિવસ પાડોશમાંથી કોઇ એક બાઈ ઘર વપરાશ કરતાં વધારે રીંગણાં હશે એટલે પાંડુરંગ( અવધૂતજી )નાં માજીને આપી ગઇ. રીંગણા કાંઈ ભેટમાં આપ્યાં ન હતાં. માજીને વહેલા મોડા પૈસા તો આપવાના જ હતા.

આમ તો અવધૂતજીના પિતાશ્રી વિઠ્ઠલપંતના અવસાન પછી પૈસા ન હોય તો શાક લાવવામાં આવતું જ નહિ. પણ પેલી બાઇ અવાર–નવાર શાક આપી જતી. આ વ્યવહાર બાળ પાંડુરંગની ગેરહાજરીમાં જ થતો. જેમ પુત્ર માતાને ઓછું ન આવે તેની કાળજી રાખતો તેમ માતા પણ પુત્રને આ વ્યવહારની ગંધ ન આવે તેની કાળજી રાખતાં. પણ આ પ્રસંગે બાઈ રીંગણા આપી ગઇ ત્યારે નસીબજોગે પાંડુરંગ હાજર હતા.

પાંડુરંગે બાઇના ગયા પછી માતાને નમ્રતાપૂર્વક છતાં મક્કમપણે કહ્યું : 'માજી, તમો બધું જ કરજો, બધું જ ભૂલી જજો પણ એ કદાપિ ભૂલશો નહિ કે તમો સિંહની માતા છો. મારી બે હાથ જોડીને પ્રાર્થના છે કે શાક વગર ચલાવીશું પણ આમ ઉછીનું કે ઉધાર જરા પણ કરશો નહિ."

( સામાન્ય લાગતી છતાં જીવન ઘડતરની કેટલી મોટી વાત કે વસ્તુ વગર ચલાવી લેવું પણ માથે કરજ ન કરવું ).

❋

અવધૂતજી જ્યારે ગોધરામાં ભણતા હતા ત્યારે, તેમની સાથે એક મામલતદારનો છોકરો શાળાએ આવતો હતો. એ છોકરાનું દફતર મામલતદારનો પટાવાળો ઊંચકીને સાથે ચાલતો હતો. પાંડુરંગે કહ્યું: 'તારાથી સરસ્વતી માતાનો આટલો ભાર ઉપાડાતો નથી તો પછી સરસ્વતી માતા તારા ઉપર કેમ પ્રસન્ન થશે ? સરસ્વતીની ઉપાસના કરનાર વિદ્યાર્થીએ જાતે મહેનત–તપ કરવાની તત્પરતા દાખવવી જોઇએ તો જ ભગવાનની કૃપા ઉતરે છે.'

ગોધરામાં અભ્યાસ કરતા હતા ત્યારે પાંડુરંગ દરરોજ સાંજે અર્ધો કલાક વાંસળી વગાડતા. પછી ફરવા જતા. એક દિવસ કંઈક બેચેની જેવું લાગ્યું એટલે વાંસળી વગાડી નહિ અને સીધા ફરવા જવા બહાર નીકળ્યા. સામેની મેડી ઉપર બારીમાં એક બેન બેઠેલાં. એમણે પૂછ્યું ? કેમ આજે તમે વાંસળી વગાડી નહિ ? પાંડુરંગે ( અવધૂતજી ) સામો સવાલ પૂછ્યો 'તમે શા માટે આમ પૂછો છો ?' મને તમારી વાંસળી સાંભળવી ખૂબ જ ગમે છે. હું દરરોજ તે સાંભળું છું અને આ સમયે રોજ રાહ જોઇને બેસુ છું.'

તે ઝડપથી ઘેર પાછા ગયા. એક મોટો પથરો હાથમાં લીધો અને તેમની પેલી અત્યંત પ્રિય વાંસળીના ટૂકડા કરી નાખ્યા. કૂવામાં પધરાવી પાણી મૂક્યું કે આજથી કોઈ દિવસ વાંસળી વગાડવી નહિ. કોઈના મોહનું કારણ બનવું પડે એ પરિસ્થિતિ ઊભી જ ન થવા દેવી એજ આની પાછળનું કારણ હતું.

આવું જ નારેશ્વરમાં પાછળથી જુદા સંદર્ભમાં બન્યું. તેમને એકાંતમાં વહેલી સવારે ભજન લલકારવાનો અભ્યાસ

( પૃષ્ઠ ૪૨ ઉપર )



# સત્યદર્શન આડે અંતરપટ

ભાઈલાલભાઈ છાટબાર

સત્યદર્શન આડે 'અસત્ય–છાયા' એક વિશાળકાય અટકસ્થાન છે.

વ્યક્તિ સત્ય–આભાસ અને અર્ધસત્યમાં સંમોહિત નિદ્રા-ભરી જિંદગી જીવે છે. આમ મનુષ્ય ખુદ પોતાને ઓળખતો નથી હોતો.

જે વિષયથી પોતે તદ્દન અણજાણ–અજ્ઞાની હોય તેવા વિષય કે વસ્તુ વિશે બોલવું કે વિચારવું એ જૂઠાણાંની સામાન્ય વ્યાખ્યા છે. 'હું' ને રીઝવવા લેવાતો આવો અસત્યનો આશરો જૂઠાણાંને નોતરે છે.

આવું અસત્ય ઉચ્ચારણ ઈરાદાપૂર્વકનું કે હેતુપૂર્વકનું જૂઠાણું નથી હોતું. કોઈપણ વિષય વિશે–કાંઈપણ ખબર ના હોવા છતાં—લોકો જે પોત–પોતાના સિદ્ધાંતો વાતવાતમાં પ્રસ્થાપિત કરી રહ્યા હોય છે, તે બધામાં જરાક ઊંડા ઊતરીએ તો માલૂમ પડે કે જૂઠાણું કેવું–કયાં-કયી રીતે શરૂ થાય છે.

ઊંઘભરી અર્ધજાગ્રત જિંદગી જીવતા લોકોને કોઇ વસ્તુનું સચોટ જ્ઞાન નથી હોતું, છતાંપણ દરેક વસ્તુ–વિષય વિશે પ્રવર્તમાન સમયે તેમની પાસે કોઇ–ને–કોઈ સિદ્ધાંત–માન્યતા હોય છે. તત્ક્ષણ વિના વિલંબે રજૂ થતા આ બધા સ્વસર્જિત સિદ્ધાંતો અને પરંપરાગત રૂઢ માન્યતાઓનો મોટો ભાગ જૂઠાણું હોય છે.

સામાન્ય વહેવારો અને અતિસામાન્ય વાતચીતો દરમ્યાન વ્યક્તિ જૂઠું બોલતી હોય છે અથવા રૂઢ આદતના કારણે તેનાથી યંત્રવત્ જૂઠું બોલાઈ જતું હોય છે.

વાણીમાં અસત્યનો અંશ કયારે કેમ દાખલ થઇ જાય છે, તેની સભાનતા વ્યક્તિને રહેતી નથી.

સત્યાર્થીએ તો પોતાના ઉચ્ચારણમાં લેશમાત્ર અસત્યની છાયા ના ઘૂસી જાય તે પ્રત્યે પૂરેપૂરી જાગૃતિ રાખવી જોઇએ.

અસત્યનો નાનકડો અંશ પણ સત્યસાધનામાં વિશાળકાય અટકસ્થાન બની રહે છે.

મનુષ્ય સામાન્ય રીતે કહેવાતી જાગ્રત અવસ્થામાં પણ એક યંત્રમાનવની જેમ મૂર્છામાં જીવે છે. તે પ્રવૃત્તિઓ કરે છે પરંતુ બધું યંત્રવત્ હોય છે. તે પોતે જે પ્રવૃત્તિ કરી રહ્યો હોય છે, તે વિશે તેને પૂરી સભાનતા હોતી નથી. કાર્યકારણ પ્રત્યે તેનું અવલોકન નથી હોતું. તે પોતાના દિમાગમાં પેદા થતા વિચાર પ્રત્યે પણ સાવધાન નથી હોતો.

તે વિચાર, વાણી અને વહેવારમાં આભાસી સત્યની છાયામાં જીવે છે.

પોતે શું શું જાણી શકે અને ખાસ તો 'શું શું ના જાણી શકે' તે વ્યક્તિએ સર્વપ્રથમ સમજી લેવું જોઇએ, જેથી તે પોતાની બુદ્ધિશક્તિ, ગ્રહણશક્તિ અને કાર્યક્ષમતાનો અંદાજે સાચો આંક બાંધી શકે.

જ્ઞાનક્ષેત્રે આવતી તમામ સામગ્રી–વસ્તુઓને ચકાસવાની પદ્ધતિઓ હોય છે. તે પદ્ધતિ કે માપદંડ 'વસ્તુસત્ય'ની ચકાસણીમાં મદદરૂપ થાય છે.

આ રીતે સત્યપરખના માપદંડથી વ્યક્તિ કડક કસોટી કરે તો તેને તરતજ જૂઠાણાં જાણવા–સાંભળવા મળે છે.

સાચાં–ખોટાંની પરખનો વિચાર દિમાગમાં ઝબકે તે પહેલાં તો જૂઠાણાંનો સૂર શ્રવણેન્દ્રિય દ્વારા બુદ્ધિકેન્દ્રમાં પહોંચી જાય છે; કેમકે જૂઠાણાંનો સૂર પોકળ હોય છે–ખાસ કરીને તે વિષય વિશેનું જૂઠાણું કે જે વિષય વિશે કાંઇ



જાણ હોતી નથી, જાણી શકવાની તેને માટે શકયતા પણ હોતી નથી.

જૂઠાણાંને ખૂબ જ મળતી બાબત છે આપણી ભ્રમણાઓ.

વ્યક્તિ–વસ્તુ–ઘટના વિશે આપણે આપણને ખુદને છેતરતા હોઇએ છીએ. ખોટા વિચારો, ખોટા ખ્યાલો, ખોટી માન્યતાઓ, ખોટાં દૃષ્ટિબિંદુઓ વગેરે.

આ બધી ખોટી માનસિક ભ્રમણાઓ અવલોકન અને અભ્યાસ માગી લે છે; કેમકે જ્યાંસુધી વ્યક્તિ પોતાની ભ્રમણાઓને સમજવાની શરૂઆત કરતી નથી ત્યાંસુધી વ્યક્તિ કદીય સત્યદર્શનની દિશામાં આગળ વધી શકતી નથી.

દરેક બાબતમાં વ્યક્તિએ સર્વપ્રથમ ભ્રમણાઓ અને ઝીણામાં ઝીણી સત્ય હકીકતોને જાગૃતિપૂર્વક તોલમાપ કાઢીને અલગ પાડવી જોઇએ. માત્ર ત્યારે જ તથ્ય તારવવાનું શકય બને છે; અને સમજાય છે કે વ્યક્તિ પોતે ખરેખર કાંઇ નવી વસ્તુ શીખી શકે એમ છે કે નહિ.

સત્ય શબ્દાતીત છે, તર્કાતીત છે, અમીત છે.

સત્યદર્શનમાં દૃશ્ય–અદૃશ્ય સમસ્ત સ્થૂળનું અતિક્રમણ થાય છે.

આકાશમાં ઊડતા પંખીની છાયાની જેમ સત્યના પદચિહ્ન દૃષ્ટિગોચર કે અંકિત નથી હોતાં.

અશબ્દ અ–મન મૌન સ્પંદિત આંદોલિત થઇ ઊઠીને મૌનીને પ્રતિસાદ આપે છે.

મૌનના પ્રતિસાદનો ધ્વનિવિહીન ધ્વનિ ( Soundless Sound ) સત્ય છે.

મૌનને આનંદનું નિજી ગીત વરેલું છે. તે સૌંદર્ય–શાંતિ–આશિષયુક્ત છે.

પ્રાર્થના–મૌન–ધ્યાન ચેતનાનું વિસ્તરણ કરે છે. મનનું

અતિક્રમણ સત્યનું પ્રવેશ દ્વાર છે. પ્રગાઢ ધ્યાન સત્યદર્શનમાં પરિણમે છે.

સત્યદર્શી વ્યક્તિ સ્વયંની સત્ય-અનુભૂતિને અન્યમાં સંક્રાંત કરી શકે નહિ. સત્ય-અનુભૂતિનું આરોપણ અન્યમાં થઇ શકતું નથી.

એક વ્યક્તિનું સત્ય અન્ય વ્યક્તિનું સત્ય બની શકે નહિ.

સત્ય-અનુભૂતિ હરેક સત્યદર્શીની નિજી આધ્યાત્મિક સંપત્તિ છે.

હરેકે સત્યદીપનો પરમ પ્રકાશ પોતાના અસ્તિત્વમાં પોતાને માટે પ્રગટાવવો પડે છે.

—※—


વેર લેવાનું કામ ઈશ્વરને સોંપજો. તમે કરશો નહિ.
ઉત્સાહ અનુપમ શકિત છે.

IS:10001

ઓ. ૨૫૬૬૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૬૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨




# ગીતાજી કેટલા સમયમાં કહેવાયાં?

ભૂપતરાય મો. ઠાકર 'ઉપાસક'

મહાભારતના મહાભયંકર યુદ્ધ ખેલાવાની/લડવાની થોડી ક્ષણો પહેલાં-બન્ને પક્ષના યુદ્ધવીરો મેદાનમાં છે અને શંખનાદ, ધનુષટંકાર થવા લાગ્યા છે. બસ... આવી ક્ષણે જ અર્જુન વિષાદયુક્ત બને છે. યુદ્ધારંભની આનાકાની કરે છે. શ્રી કૃષ્ણે અર્જુનને આ સમયે-રણક્ષેત્રમાં, બન્ને સેનાઓની વચ્ચે રોકાઇને ગીતાજી ઉપદેશ્યા.

શ્રી કૃષ્ણે અર્જુનને ગીતાજીનો ઉપદેશ કેટલા સમયમાં આપ્યો હશે? અર્જુન જ ગીતાજીના ઉપદેશને સાંભળવા તૈયાર હતો. જિજ્ઞાસાપૂર્વક પણ કોઈએ આ સંદેશો સાંભળવા યત્ન નહીં કર્યો હોય? સંવાદ કેટલો સમય ચાલ્યો હશે? આજે મળતા ગીતાજીના ગ્રંથ જેટલી વાતો થઇ હશે? ગીતા-ઉપદેશવેળાએ કોઇ ગુપ્તચર કયાંય નહીં હોય? અનેક પ્રશ્નોનાં જન્મની જાણે આ વેળા હતી?

હા, યુદ્ધ અઢાર દિવસ ચાલ્યું હતું? અર્જુને આ અઢાર દિવસની, યુદ્ધ અંગેની વિગત કૃષ્ણને પૂછી હોય અને કૃષ્ણે પણ-માત્ર અઢાર શ્લોકોમાં આ વિગત આપી હોય એમ પણ બને. અર્જુને ખૂબ જ મહત્ત્વના, અતિ મહત્ત્વના જ પ્રશ્ન પૂછયા છે અને કૃષ્ણે જવાબ પણ ઓછા શબ્દોમાં જ કહ્યો હોય! કારણ કે અર્જુન જેવો તેજસ્વી, મુમુક્ષુ, બુદ્ધિમાન શિષ્ય હોય અને કૃષ્ણસમા મહાગુરુ હોય પછી લંબાણપૂર્વક વાત કહેવાની જ ન હોય ને! અર્જુન રણવીર છે, ધીર છે. તજજ્ઞ અને વિશેષજ્ઞ છે. યુદ્ધના અંતે મળતા

પરિણામ માટે ચિંતિત ન હોય તેથી વિશેષ પૂછ્યું પણ ન હોય. તેથી ગીતાજી માત્ર બે-પાંચ મિનિટમાં જ કહેવાયા હોય.

અર્જુનને યુદ્ધથી મળતાં રાજ્યની કે સ્વર્ગની પણ ચિંતા નથી, અર્જુન લોકનેતા છે કૃષ્ણ પણ લોકનેતા છે તેથી એક મુદ્દા માટે જ આ સંવાદ રચાયો હોય અને તે-'યુદ્ધથી વિશ્વમાં ધર્મને તો કોઈ કલંક નથી લાગતું ને? ધર્મ તત્ત્વ કલુષિત નથી બનતું ને?' બસ! 'પાપ-પુણ્ય' 'સત્ય અસત્ય' 'સારું માઠું' 'જય-પરાજય' જેવી વાતો અર્જુનને કહેવાની હોય નહીં, તે બધું જ જાણે છે. માત્ર ધર્મને દોષ ન લાગે એવો કિમિયો જ તે ઇચ્છે છે-આ હકીકતને વ્યાસજીએ લોકોપયોગી બનાવવા માટે-ઘણા શ્લોકોમાં, સઉદાહરણ સમજાવી હોય એમ પણ બને.

એમ પણ બને કે શ્રી કૃષ્ણે અઢાર શ્લોક તો શું પાંચ જ શ્લોકમાં વાત કરી હોય! યુદ્ધના આરંભને વાર નથી. યોદ્ધાઓ મેદાનમાં છે. સમયની સંકડામણ વધી રહી છે. વિદ્વાનો પણ અહીં છે. તો નાની એવી વાત થઈ હોય 'યુદ્ધ-ધર્મને માટે પણ શ્રેયઃકર છે ને?' એટલું પૂછ્યું હોય અને શ્રી કૃષ્ણે 'કર્મયોગ' સમજાવ્યો હોય! એમ પણ બને.

હા, શ્રી કૃષ્ણને અર્જુનજીએ માત્ર આંખથી જ પ્રશ્ન પૂછ્યો હોય અને કૃષ્ણે આંખથીજ જવાબ આપ્યો હોય! અરે! અર્જુનના મનમાં રહેલા સંદેહોને કૃષ્ણે મનોમન જાણી લીધા હોય અને નિઃશબ્દ રીતે જ પ્રશ્નોત્તર થયા હોય એમ પણ શકય છે. જો કે આમ બનવાની શકયતા ઓછી છે કારણ કે શ્રી કૃષ્ણ-અર્જુન વચ્ચે શબ્દની આપ-લે ન થઇ હોય તો વ્યાસજી ગીતાજી લખવાનું અવલંબન/માધ્યમ



કયાંથી મળી શકે? ભકતની ભીતર પડેલી પહેલીને કૃષ્ણે કશું જ કહ્યા વગર સૂલઝાવી હોય એમ કહેવાતું ભલે હોય પણ આ શકયતા ઓછી છે 'હાર' 'જીત' મહત્ત્વનાં નથી 'ધર્મ' 'અધર્મ'ની વાત જ મહત્ત્વની છે.

શ્રી કૃષ્ણને અર્જુને એક પ્રશ્ન પૂછ્યો હોય અને કૃષ્ણે અર્જુનને એક જ શ્લોકમાં જવાબ આપ્યો હોય! વ્યાસજીએ એ પ્રત્યેક શ્લોકને વિસ્તારપૂર્વક કહેવા માટે એક-એક અધ્યાયની રચના કરી હોય એમ જ બની શકે. કોઇ પણ વાત સ્વીકારતાં એટલું તો ચોક્કસ છે કે અર્જુન-કૃષ્ણ વચ્ચે 'શાબ્દિક' વ્યવહાર જરૂર થયો છે. જે વિસ્તારપૂર્વક વ્યાસજીએ આલેખ્યો છે.

યુદ્ધ મેદાનમાં ગીતાજી એક મિનિટ માટે કે પાંચ-પંદર મિનિટ માટે જ કહેવાયાં હોય! એવું બને.

મુમુક્ષુ શિષ્યને જગતગુરુનો સંદેશ/આદેશ/ઉપદેશ કેટલોક હોય? सुज्ञेषु किं बहुना।

શ્રી યોગેશ્વર કૃપા.
## સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.

# મન–મંદિર

અનિરુદ્ધ મો. ઠાકર

મનને અંદર લઈ જવાનું સ્થળ તે મંદિર.

મંદિર એ માત્ર ચાર દિવાલોવાળું સ્થૂળ–ભૌતિક સ્થળ કે આકૃતિ નથી, પરંતુ મંદિરનાં અસ્તિત્વ કે આવિષ્કારની પાછળ આપણાં ઋષિ–મુનિઓનું વિરાટ ચિંતન, વૈદિક વિચારધારા અને સ્પષ્ટ તત્ત્વજ્ઞાન પડેલું છે.

આજના ગતિશીલ, ધાંધલિયા અને અસ્થિર જીવનમાં, આજનો મનુષ્ય શકય તેટલો–અતિશય બહિર્મુખી બન્યો છે. તેની સમગ્ર ચેતનાનું દ્વાર બહારની બાજુએ ખુલી ગયું છે. તેની સઘળી ઇન્દ્રીઓ બહિર્ગામી બની છે. ઇન્દ્રીઓને બહારથી સતત પલટાતા, ક્ષણિક સુખો મળતાં રહે તે માટે વિજ્ઞાને પણ તેને બેફામ મદદ કરી છે, તે પણ નિઃશંક તથ્ય છે. પરંતુ મનુષ્યની આ બહિર્ગામી ચેતના કે દોડથી તેના અંતરતમ જીવન કે આત્માને સુખ અવશ્ય મળતું હશે, પરંતુ શાંતિનો તો માત્ર અણસારો પણ હરગીજ નહીં જ. શાંતિ નહીં મળવાનું આ એક જ કારણ છે અને તે છે વ્યકિતની સર્વ ઇન્દ્રીઓની બહારનાં સુખો પ્રત્યેની અતિશય આંધળી દોડ અને લોલુપતા.

મનુષ્યનાં આંતરિક આધારની ડામાડોલ સ્થિતિમાં મંદિર એક આશાનો, ઉજાશનો, પ્રકાશનો દીપક લઇને આવે છે. જે મંદિરનાં પાવક પર્યાવરણમાં પગ મૂકતાની સાથે જ અંતરમાં ઉજાશ અને હૈયામાં હળવાશની મીઠી લહેરખી ફરી ન વળે, તો ત્યાં ભલે કરોડો રૂપિયાની કિંમતનું બાંધકામ થયું હોય, ભલે સોળ શણગારે મૂર્તિને સજાવી હોય,



ભલે ઘી અને વિદ્યુતની હજારો દીપ માલાઓનો વૈભવી વિલાસ ખડકાયો હોય, તે બધું જ લોકોનાં મનને બહારથી આકર્ષી શકશે, પરંતુ અંદરનું કે અંતરનું અલૌકિક ખેંચાણ ઊભું નહીં કરી શકે, કારણ કે ઉપરોકત બધીએ વસ્તુઓ હોવાની સાથે સાથે, તે ઉપરાંતનું એક આધ્યાત્મિક ભાવાવરણ–કે જે મંદિરનો પ્રધાન આત્મા છે; ગર્ભ છે, કરોડરજ્જુ સમાન છે–તે જો મંદિરમાં નહીં હોય તો આગંતુક દર્શનાર્થી કે સાધનાર્થી મનુષ્યનાં મનને અંદર લઈ જઈને–મનને શાંત–નિષ્કંપ બનાવવાનું મંદિરનું જે મુખ્ય કાર્ય, હેતુ અને જવાબદારી છે તે અવશ્ય પાર નહીં પડે.

માટે જ મંદિર વસ્તીથી દૂર, ઘોંઘાટથી દૂર, ઉદ્યોગોથી દૂર–ખળખળ વહેતા ઝરણા કે નિર્મલ નદીનાં નિરવ કાંઠા પર ભારતનાં ઋષિઓએ નિસ્વાર્થભાવે પ્રસ્થાપિત કર્યા હતાં. આ મંદિર ભલે વૈભવશાળી ન હોય, પરંતુ સાવ સાદુ જ હોય, તો પણ તે માનવીના મન અને હ્રદયને આંતરિક અને સાચી શાંતિનું પયઃપાન કરાવવાની પૂરી તાકાત કે સામર્થ્ય ધરાવે છે. તેથી જ આપણા ઋષિ–મુનિઓના પવિત્ર અને ભકિતપૂર્ણ આશ્રમો નિસર્ગના આશ્લેષમાં એટલે કે પ્રાકૃતિક પર્યાવરણનાં પૂર્ણ પરિવેશમાં પ્રસ્થાપિત થયા હતા.

મંદિરને જોતાં જ પ્રેમાળ પિતા એવા પરમાત્માની એક મધુર યાદ દિલમાં છલકવી જોઈએ, તેના ઉચ્ચ શિખર પરની ફર ફરતી ધ્વજાને નીરખતાંજ ભાવપૂર્ણ અને ઉભરાતા, ગદ્ ગદીત હ્રદયમાં અનાયાસ હરિસ્મરણની પવિત્ર સરવાણી ફૂટવી જોઇએ.

આ ઘોર કળિયુગમાં મંદિર એ તો પરમાત્માને પૃથ્વી પર સૌ પ્રથમ ઉતરવાની, તેના પ્રથમ ચરણકમલને પધરા-

વવાની આશિષપૂર્ણ, લાયક અને પુનિત જગ્યા છે. મંદિર એ તો જાણે પૃથ્વી પરનો સ્વર્ગનો નાનો ટુકડો !

કહેવાતો પ્રગતિશીલ અને સુસભ્ય મનુષ્ય જ્યારે તેના મન અને સઘળી ઇન્દ્રીઓની, અંતરને ઉવેખીને કે અવગણીને આદરેલી બહિર્ગામી સઘળી દોટાદોટ કે હડિયાપાટીથી થાકી, હારી, નિરાશ થઇ, કંટાળી, વ્યથિત થઇને પાછો પોતાના મૂળ ઘરે એટલે કે સ્વયંના સિંહાસન પર કે અંતરના ઓટલા પર ઊભો રહીને હરિ પાસે હાથ લંબાવે છે ત્યારે તે વખતે, તેની આજુબાજુએ, તે જગ્યાએ દિવાલો વગરનું એક અદૃશ્ય દેવમંદિર, અવશ્ય ઊભું થઈ જાય છે ત્યારે નીચેની પંક્તિ પડઘાય છે :–

गृह हमारा शून्यमें, अनहदमें विश्राम ।

સંસારમાં સાચું સુખ નથી. માણસો જે માની બેઠા છે તે તો બહારનું સુખ છે. જ્યાં ભગવાનની ભક્તિ ના જાગે ને વેરઝેર ના મટે ત્યાં લગી સુખ નથી.

* * *

ઈશ્વર એવો દયાળુ છે કે દરેક વસ્તુ આપી રહે છે. જેમ કોઈ મા પોતાના બાળકની સંભાળ રાખે તેથી પણ વધારે તે સંભાળે છે.



# જ્ઞાનની દ્યુતિ

મહેન્દ્ર ઇ. પંડયા

દ્યુતિ, તેજ, પ્રકાશ, આ સર્વ શબ્દો નૂતનચેતનાના પ્રતીક છે. જગતના આદિકાળથી માનવી પ્રકાશની ઝંખના કરે છે. "तमसो मा ज्योतिर्गमय। ઊંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજે તું લઈ જા" આ માનવીની નિત્ય પ્રાર્થના છે.

વેદની ઋચાઓના કવિઓ–પ્રાચીન ઋષિમુનિઓએ પણ ઉષાનાં સ્તવનો રચ્યાં છે. ઋગ્વેદના સાતમા મંડળમાં ઉષઃસૂકત છે, જેમાં ઋષિ વસિષ્ઠ અથવા વસિષ્ઠગોત્રના ઋષિઓનું દર્શન છે, એ આખું સૂકત ઉષાનો મહિમા ગાય છે, ઉષાના પ્રકાશનું સ્વાગત કરે છે. રાત્રિના અંધકાર પછી પ્રગટતા ઉષાના તેજથી જગતમાં ચેતના જગાવવાની પ્રાર્થના કરે છે. શ્યામલ અંધારપટમાં વિલિન સમગ્ર સૃષ્ટિનું ઉષઃકાલે નવીન દર્શન થાય છે, અને વેદના એ ઋષિનાં દર્શન જગત અને જીવનમાં અનેક રહસ્યોને માનવીની દૃષ્ટિ સમક્ષ સ્પષ્ટ કરે છે. સંસારના માનવીઓ પણ અજ્ઞાનના તિમિરમાં અથડાતા હોય છે. એ અજ્ઞાની સંસારીઓમાં જ્ઞાનનો–તેજનો–દ્યુતિનો–પ્રસાર કરવાનું સંતોનું જીવનકાર્ય હોય છે. તેમનાં જીવન-તેમનો ઉપદેશ, અને તેમનાં ઉદ્બોધનોમાં સંસારી માનવીઓને જ્ઞાનનો પ્રકાશ આપવાનો જ પ્રયાસ હોય છે. પ્રથમ તો સંતોના જીવનમાં આ દ્યુતિ પ્રગટ થાય છે. પૂર્વજન્મના સંસ્કારોના પરિપાકરૂપે તેમને સ્વયંભૂ આ પ્રકાશનાં દર્શન થાય છે,–કારણ કે જન્મથી તો સંતો પણ સામાન્ય માનવીઓ જ હોય છે, પરંતુ એ જ્ઞાન–એ પ્રજ્ઞાનો પ્રકાશમાત્ર પોતાના પુરતો પર્યાપ્ત ના રાખતાં સંતો સમગ્ર સંસારને

એની લ્હાણી કરે છે. શ્રી યોગેશ્વરજીનો આ કાવ્ય સંપૂટ 'દ્યુતિ' પણ સંતનો આ જ પ્રકારનો પ્રયાસ છે. તેમના કવનદ્વારા તેમનું જીવનદર્શન વ્યક્ત થાય છે.

શ્રી યોગેશ્વરજીના અન્ય કાવ્ય સંગ્રહો–'બિંદુ' 'તર્પણ,' 'અભીપ્સા' કરતાં આ 'દ્યુતિ' સંગ્રહ વિશિષ્ટ છે. 'બિંદુ' માં કવિના બાલભાવો, 'અભીપ્સા'માં જીવનના યૌવનસુલભ ભાવો–આકાંક્ષાઓ, ઈચ્છાઓ, વિભાવનાઓ વ્યકત થાય છે, 'તર્પણ' માં કવિનાં માતાજી-જ્યોતિર્મયી દેવી-કેન્દ્રમાં છે, પરંતુ 'દ્યુતિ'માં કવિ જીવનસાધનામાંથી પ્રાપ્ત થયેલા નવ-નીતની કાવ્યોદ્વારા લ્હાણી કરે છે. જીવનની ઉત્તરાવસ્થાના તત્ત્વજ્ઞાનની ઉચ્ચભૂમિકા પરથી જીવનદર્શન કરે છે, અને એ ભાવોનું કાવ્યમય નિરૂપણ કરે છે. સંગ્રહના પ્રથમ કાવ્ય-માંથી જ જ્ઞાનની આ સરવાણી વહેવાનો આરંભ થાય છે અને સંગ્રહમાંના કાવ્યોમાંની અપેક્ષાનો સંકેત મળે છે. 'વીણાનું વાદન' એ પ્રથમ કાવ્યમાં જ 'દ્યુતિ' નો ચમકારો ઝબકે છે, કવિના સમગ્ર ચિત્તતંત્રમાં વ્યાપક પ્રકાશનું-જ્ઞાનની પરિપકવ અવસ્થાનું દર્શન થાય છે. કોઇ સુભગ પળે કવિને પોતાની પરિસ્થિતિનું ભાન થાય છે, અને એનું અજ્ઞાન તિમિર દૂર થઈ જાય છે. એ પરિવર્તનની પંક્તિઓ–

"પહેલાં એવું માનતો કે એને હું જ વગાડું છું
વગાડી શકું છું;
કિન્તુ તે દિવ્ય દિવસે
તે ધન્ય ક્ષણે, પાવન પળે પેખ્યું કે
વીણા એની એ જ હતી
× × તોપણ
વીણાનું વાદન નહોતું થતું,
નહોતું થઇ શકતું,
કારણ એની અંદર, એ વગાડનારની અંદર,
તારૂં અસ્તિત્વ નહોતું
× × ×
ત્યારથી મારો અહંકાર ઓગળી ગયો છે
× × ×
મને નથી લાગતું મારી વીણાને હું મારી મેળેજ વગાડું છું,
વગાડી શકું છું,
એની ઉપર મારો સર્વાધિકાર નથી." (પૃ. ૧)



જ્ઞાનની સાથે સાથે વ્યક્તિમાં નમ્રતાનો ઉદય થાય છે. અજ્ઞાની મનુષ્ય પોતાની જાતને જ મહત્ત્વ આપે છે, જ્યારે જ્ઞાની પોતાની સ્થિતિને સમગ્ર વિશ્વના પરિપેક્ષ્યમાં નિહાળે છે. જ્ઞાનની સીમા નથી, જ્ઞાન અપરિમિત છે. જ્ઞાનના પંથનો અંત નથી, એ ભાન થતાં જ જ્ઞાની પોતાની મર્યાદાઓનાં દર્શન કરે છે. વિરાટ વિશ્વમાં પોતાની સ્થિતિનું એને ભાન થાય છે. પોતાની સિદ્ધિઓ એ સફરનો અંત નથી, આરંભ છે. જગતે એની સ્થાપેલી, અને સ્વીકારેલી મહત્તા સાથે એના ઉદ્દગાર 'વારિધી' (પૃ. ૨) માં એ પરિસ્થિતિનું વર્ણન કરે છે.

"જ્ઞાનનો વિશાળ વારિધી હજી દૂર છે
× × ×
હું તો એના તપઃપૂત તટ પ્રદેશ પર બેઠો છું
છતાં એ મને વારિધી કહે છે
જ્ઞાનનો વિશાળ વારિધી"

આ પંક્તિઓમાં જગતની મહાન વ્યક્તિઓના સમ-સંવેદનનું દર્શન થાય છે, પ્રસિદ્ધ વિજ્ઞાની ન્યૂટનની આજ પ્રકારની ઉક્તિઓ હતી એની યાદ આવે છે કે "હું તો સાગરકિનારે કાંકરા, છીપલાં વીણું છું. વિરાટ વિશ્વના

વિજ્ઞાનનો પાર પામવા માટે મારૂં કાર્ય તો આરંભ જ છે. ''સત્ય પરિસ્થિતિનું ભાન જ માનવીને પ્રગતિ માટે પ્રેરણા આપે છે, અને એને એના પંથમાં વધુ સફળતા માટે અધિક પ્રયાસોની આવશ્યકતા સમજાવે છે.

આ કાવ્ય સંપૂટનાં લગભગ ૯૫ જેટલાં કાવ્યોમાં વિષય વૈવિધ્ય છે, ભાવ વૈવિધ્ય છે, અને છાંદસ–અછાંદસ રચનાઓ સાથે ભજનના ઢાળની ગેય રચનાઓ પણ છે–અભિવ્યક્તિનું પણ વૈવિધ્ય છે, પ્રભુભક્તિની ઉચ્ચ ભૂમિકાની સાથે સાથે આસપાસ સ્થૂળ પરિસ્થિતિનું દર્શન અને તેમાંથી ઉદ્‌ભવતું ચિંતન પણ છે. વિષય વૈવિધ્યમાં પ્રકૃતિનાં અંગ સમાં વાદળ, વારિધી, સરિતા, પુષ્પો વગેરે છે અને એ પ્રતીકોદ્વારા કવિ ચિંતનની ઉચ્ચ ભૂમિકાપર વિહરે છે. વાદળ અવિદ્યાના આવરણનું પ્રતીક છે, તો વિશાળ વારિધીમાં કવિ જ્ઞાનના ભંડારનું આરોપણ કરે છે. સિંધુસમા અનંત ચૈતન્યનો એક તરંગ બની જગમાં નવીન રસ–ચેતના જગાવવાની અભીપ્સા સેવે છે.

"અનંત ચૈતન્ય તણો અનેરો
તરંગ હું તો અભિવ્યક્તિ એની
આત્મતણી–એમજ વિશ્વ પ્રાણે
નવો જગાવી રસ જો જરી શકું
ચૈતન્ય કે આંશિક અન્યને ધરૂં
સાર્થક્ય તો આ અભિવ્યક્તિનું ગણું"
(અબ્ધિ પાસે પૃ. ૭૯)

'સુખ દુઃખ, ક્ષુધા, તૃષ્ણા, તાપ પુરસ્કાર સૈનિકો-ને, યુદ્ધની વેળાએ, જેલ, આઝાદી, લાડકવાયો વગેરેમાં વિષયો આસપાસના જીવાતા જીવનમાંથી ઉપાડીને કવિ એને ચિંતનના રસાયણથી રંગે છે. 'સૈનિકોને,'



'યુદ્ધની વેળાએ' માં કવિનો દેશપ્રેમ ઉછળી આવે છે તો 'લાડકવાયો'માં સત્યાગ્રહીની માતાની અનુભૂતિ સાથે કવિનું સમસંવેદન છે, 'આઝાદી' 'લાડકવાયો'માં આઝાદી પછીની રાષ્ટ્રની દુર્દશાનું દર્શન છે. આ કાવ્યોમાં વાસ્તવિકતાનું નિરૂપણ છે તો 'ક્ષુધા, તૃષ્ણા, તાપ' માં માનવજીવનની સામાન્ય અનુભૂતિઓ ભક્તિની ભૂમિકા પર–પ્રાર્થનાના સ્વરૂપે પહોંચી જાય છે. દેહની સ્થિતિ આત્માના સૂક્ષ્મ ભાવોના અનુભવથી કૃતાર્થ બને છે—

...વર્ષોની અવિચળ તૃષા તૃપ્ત બનશે
કૃપાના અબ્ધિના અમૃત ઝરતા બિંદુ ભરથી;
ક્ષુધાયે સાન્નિધ્યે તરતજ થશે સાર્થક શમી. (પૃ. ૨૮)

'મનીષા' 'સિદ્ધિઓ' 'ના માગું' વગેરે કાવ્યોમાં જીવનની વાસ્તવિકતાનો સ્વીકાર છે, એની મર્યાદાઓનું ભાન પણ છે, અને છતાં અસાધારણ સિદ્ધિઓના અભાવમાં પણ જીવનમાં સાર્થકતા ઉતારવાનો પ્રયાસ છે. જીવનની વિષમતા-ઓનો સામનો કરવાની પ્રબળ ભાવના સાથે માનવતાની સેવાના અભિલાષ પણ છે.

"આ પાર્થિવ પૃથ્વી પર પ્રામાણિકપણે પગ મૂકાય,
પગલાં ભરાય,
બહુવિધ બની શકાય;
આહારનો આધાર ઉચિત યાત્રામાં લેવાય,
જેટલું પણ જીવન હોય એટલું જીવી શકાય;
એટલી જ સિદ્ધિઓ સાંપડે
તોપણ પુરતું છે." (સિદ્ધિઓ પૃ. ૧૧)

"જીવનને સોમલ સમ સમજી
સ્વપ્ને પણ ના ભાગું;
કોમળ કુસુમ સમાન બનીને

સુખ અર્પું વણમાગ્યું " ( ના માગું પૃ. ૩૫ )

'શંકરને' કાવ્યમાં પણ જીવનની વિષમતાઓને સુયોગમાં પરિવર્તિત કરવાના બળની યાચના છે, અને વિષને અમૃતમાં પલટાવી ના શકાય તો વિષને અમૃત સમજી જીરવી લેવાની માનસિક શક્તિની પ્રાર્થના છે. સમગ્ર કાવ્યમાં આ ભાવોનું પ્રતિમાત્મક સચોટ નિરૂપણ છે, અને તેની અંતિમ પંક્તિઓમાં ભાવસઘનતાની પરાકાષ્ઠા છે.

" અંધકારમાં પ્રકાશ પેખવાનું,
વિપદા વેઠવાનું
સોમલને સુધા સમજવાનું સૌભાગ્ય દો, શંકર !
એવું અખંડ બળ દો. " ( પૃ. ૫૦ )

હળાહળ વિષનું પાન કરનાર અને જગતના કલ્યાણઅર્થે એ વિષને જીરવી જનાર શંકરને આ પ્રાર્થના કેટલી ઉચિત લાગે છે !

'સમસ્યા' ( પૃ. ૪ ) માં પણ કવિ સર્જનહારને પ્રશ્ન પૂછે છે કે સૃષ્ટિમાં સુખદુઃખ, હર્ષશોક, શાંતિ–અશાંતિ આ બધા વિરોધાભાસોનું સર્જન કરીને સમસ્યા શાને ઉભી કરી છે ? જો આ સમસ્યાનું–વિરોધાભાસનું અસ્તિત્વ છે જ તો પછી માનવીએ આ વાસ્તવિકતાના નિરાકરણ માટે કંઈક કરવું તો જોઈએ જ. તો પછી શું કરવું એનો વિચાર કરવા માનવીને આહવાહન પણ એ કાવ્યને અંતે આપે છે.

'તું અને હું' ( પૃ. ૩૨ ) અને 'તારો સાક્ષાત્કાર' ( પૃ. ૨૭ )માં જીવ અને શિવના–આત્મા અને પરમાત્માના અદ્વૈતના તત્ત્વજ્ઞાનનું રટણ છે; અને ઉસ્તાદ અને સિતારના પ્રતીકદ્વારા કવિ જીવ અને શિવ પરસ્પરાવલંબી છે, વાસ્તવમાં બંને અભિન્ન છે, એ અભેદની ભાવસઘનતા સાધે છે.

" ઉસ્તાદથી સાર્થ થતી સિતાર તો
ઉસ્તાદ એ ધન્ય બને સિતારથી " પૃ. ( ૨૭ )
" અને આખરે મારા પોતાના જ સ્વરૂપે
તારો સાક્ષાત્કાર થયો.
આપણો રહ્યો સહ્યો ભેદ પણ મટી ગયો " ( પૃ. ૩૨ )



'સોમનાથને' એ લાંબી અછાંદસ રચનામાં ભગવાન સોમનાથના દર્શનથી કવિ હૃદયમાં ધ્વનિત થતા વિવિધ ભાવોનો સુંદર સમન્વય છે. એમાં ઐતિહાસિક ભૂમિકા છે, વિશ્વમાં અશિવ પર શિવના–અસત્ય પર સત્યના વિજયની ગાથા છે, જગતના પરમમંગલની અને માનવતાની, પ્રેમની પ્રતિષ્ઠાની પ્રાર્થના છે, પરિણામે અછાંદસ રચનામાં પણ કાવ્યત્વની રમણીયતાના દર્શન થાય છે.

" દ્વેષની નહિં, પરંતુ પ્રેમની,
દાનવતાની નહિં પરંતુ માનવતાની,
અસુરની નહિં કિન્તુ સુરની,
સમુચિત સંપ્રતિષ્ઠા થાય,
જગત જ્યોતિર્મય બની જાય " ( પૃ. ૪૮ )

ગેય રચનાઓમાં થોડાં સુંદર ગીતો–ભજનો–આ સંગ્રહમાં છે. 'ગોવિંદ ગા' ( પૃ. ૫૩ ) 'રામ કરે તે' ( પૃ. ૫૪ ), 'હરિનામ' ( પૃ. ૫૫ ) 'હંસ' ( પૃ. ૭૬ ) 'પ્યાસ' ( પૃ. ૧૦૩ ) વગેરે રચનાઓ આપણી પ્રાચીન ભજન પરંપરાને અનુસરે છે, અને એ પંક્તિઓ ગુંજનમય છે. એ રચનાઓમાં ભક્તહૃદયની નિષ્ઠાનાં દર્શન થાય છે.

" શાને ચિંતા કરે માનવી રામનેજ કર પ્યાર,
શરણ લઈ લે સાચું એનું તો પામે નિસ્તાર,
સર્વ દશામાં સર્વ સ્થળમહીં થાય પીડની પાર,
રામ કરે તે થાય. " ( પૃ. ૫૪ )

રામને શરણે જીવનસમર્પણની પરંપરાગત ભાવનાનું

આમાં સરળ અને સચોટ અનુગાન છે.

'દ્યુતિ' એ શ્રી યોગેશ્વરજીની પરિપક્વ અવસ્થાનાં કાવ્યોનો સંગ્રહ છે, એની પ્રતીતિ એમના આ સંપૂટના કાવ્યોમાં રહેલા શાંત ભાવો, ચિંતન પ્રધાન નિરૂપણ અને સમુચિત વિષયોમાંથી મળે છે. એમાં સાગર કે સરિતાનાં ઉછળતા જળ રાશિ સ્થાને ઊંડાં સરોવરના શાંત સ્થિર જળમાં અવગાહન કરતા હોઇએ એવી અનુભૂતિ થાય છે, અને શ્રી યોગેશ્વરજીની જીવનસાધનાના પરિપાકરૂપ શાંત, સ્વસ્થ અને પુનિત વ્યકિતત્વનાં દર્શન થાય છે.

---

( પૃષ્ઠ ૨૪ નું અનુસંધાન )

હતો. પણ પાછળથી જાણ્યું કે એથી માજીની ઊંઘમાં ખલેલ પડે છે તેથી તેઓશ્રીએ પોતાનો એ અતિપ્રિય શોખ પણ વિના સંકોચે છોડી દીધો.

આમ નાનપણથી જ એમનો સમગ્ર વ્યવહાર સાધના પોષક રહ્યો.

આમ તો તેમની વેશભૂષા વગેરે સાદાં જ હતાં પણ એક સમયે એમ લાગ્યું કે ક્ષૌર કરાવવામાં પણ પરાવલંબીપણું અનુભવાય છે. ત્યારથી એ બંધ કરી લાંબા વાળ રાખવાનું શરૂ કર્યું.

બાહ્ય દષ્ટિએ અનેક વિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હોય તેમ દેખાવા છતાંય એ બધું તદ્દન જળકમળવત્ નિર્લેપ રહીને જ કરતા.



# એક ઘડી આધી ઘડી

કલ્યાણ

સત્યપથ, તા. ૧૩–૭–૮૭ સોમવાર, સમય–બપોરના બાર.

ગુરુપૂર્ણિમાના કાર્યક્રમ પછી રોકાયેલા સાધકોને પૂ. માએ આજે બપોરે બાર વાગ્યે મળવાનો સમય આપ્યો છે. સમય થતાં શ્રી ઇશ્વરભાઇ, કલ્યાણ, બાપજી, મંજુબેન ભાવસાર, પૂર્ણિમાબેન, મહાલતાબેન, કૈલાસબેન વિ. આવીને ગુરુદેવપ્રભુ તથા પૂ. માને પ્રણામ કરીને બેઠાં છે. પૂ. મા ગુરુદેવપ્રભુના મંદિર પાસે નિયત આસન પર બિરાજ્યાં છે.

પૂ. મા આજે રાજેન્દ્રભાઇ પુરોહિતના સેવાભાવી જીવનને યાદ કરી તેમના જેવી સેવાભાવના ધરાવતા શ્રી અશોક ગણાત્રાને યાદ કરે છે. પૂ. મા દરેક સેવાભાવના ધરાવતા યુવાનોને પોતાની સ્વતંત્રતા જાળવવા આર્થિક રીતે પગભર થવાની વાત કરે છે. પુ. મા કહે કે સ્વતંત્રતા જીવનના પાયારૂપ છે. સ્વતંત્રતા વગર સ્થિરતા રાખવી મુશ્કેલ છે અને સ્થિરતા વિના આધ્યાત્મિક વિકાસ મુશ્કેલ છે. ઈશ્વર ખાતર ફનાગીરી વહોરવી, તે કોઈ વિરલા જ કરી શકે છે. બધાથી તે થઇ શકતું નથી. માટે આવેશમાં આંધળુકિયા કરી ઝંપવાવવાથી પસ્તાવું પડે છે. પૂ. મા કહે, "નોકરી કરો, ધંધો કરો, તમારી ફરજ નિષ્ઠાપૂર્વક બજાવો. તમે પગભર બની માબાપને ચિંતામાંથી મુક્ત કરો, એજ માતાપિતાની મોટી સેવા થશે. ઘણા ભાઇઓ, બહેનો કોઇ સંસ્થા કે આશ્રમમાં વસીને ભક્તિમય જીવન જીવવાનો પ્રયાસ કરે છે, પરંતુ ત્યાં પણ સલામતી નથી, પૂ. મા અહીં ભકિતપ્રિયા-

બેનને યાદ કરી તેમની વાત કરે છે. એ બહેન આશ્રમો અને સંસ્થાઓમાં રહ્યાં પરંતુ ત્યાં સ્થિરતા કે શાંતિ અનુભવી શકયાં નહીં. પછી વૃદ્ધાશ્રમોનો સહારો લેવો પડે એ કેવી અસહાય દશા કહેવાય ?"

પૂ. માની આવી સહજ સત્સંગની બેઠકોમાં પ્રેરણાદાયી પ્રસંગોની હારમાળા સર્જાયા કરે છે. પૂ. મા ગુરુદેવપ્રભુને યાદ કરતાં કહે કે તેઓ બપોરના જમ્યા પછી નિયમિત છાપા પર નજર નાંખતા. પૂ. મા કહે ગઇકાલે અમસ્થી છાપા તરફ નજર ગઇ તો વી. પી.સિંહનું નામ વાંચ્યું. છાપાવાળા લખે છે તેવા હોય તો તેવા માણસોની ભારતને જરૂર છે. એવા નિષ્ઠાવાન માણસો દેશનો વહિવટ સારો ચલાવે. પૂ. મા કહે, "છાપુ વાંચવાની ટેવ સારી, પરંતુ અધ્યાત્મજીવનમાં એવો સમય આવે કે ત્યારે રાજકારણ, ટપાલ વ્યવહાર, વગેરે પ્રવૃત્તિઓ પરથી ઉપરામ થઈ જવાય છે. મને આ બધું બહુ ગમે નહિ."

પૂ. મા કહે કે નિયમિતતા વિના અધ્યાત્મજીવનમાં પ્રગતિ શકય નથી. આળશ રાખવી ન જોઇએ અને આળશુ જીવન જીવનારા પછી ભલે તે સાધુ હોય તો પણ તેમના જીવનને પોષવાં ન જોઇએ.

પૂ. મા સાથે સાધના વિદ્યાલયમાં એક સાથે સરવીસ કરતાં હતાં તે ઇલાબેન પાઠક આજે પૂ. માને મળવા માટે આવ્યાં હતાં. ઇલાબેન પૂ. મા સાથેના શાળાજીવનના સંસ્મરણો યાદ કરતાં કહે કે શાળાજીવનમાં પણ પૂ. માનો જીવન વ્યવહાર અણિશુદ્ધ પવિત્ર હતો. ઇલાબેને કહ્યું કે એક વખત એક વાલી અમારી શાળામાં એડમીશન લેવા માટે આવ્યા. અમારી શાળાની પ્રતિષ્ઠા એવી કે તેમાં પ્રવેશ લેવા માટે ખૂબ ધસારો થાય. આ વાલીને એમ કે જેમ



બીજાં સરકારી ખાતાઓમાં પૈસાથી કામ થાય તેમ અહીં પણ થતું હશે. એટલે તેમણે પ્રવેશપત્ર સાથે રૂપિયાની નોટો જોડી દીધી. પૂ. મા તેમજ ઇલાબેન એ વખતે એડ-મીશનના કામ માટે રોકાયેલાં. પેલા વાલી તો પ્રવેશપત્ર આપીને પાછા ચાલ્યા ગયા. જયારે તેમનું પ્રવેશપત્ર હાથમાં આવ્યું ત્યારે તેની સાથે રૂપિયાની નોટો જોઇને પૂ. મા તેનો અર્થ સમજી ગયાં. નોટો જોતાંજ હાથમાં લઈ ફૂદકો મારી તે વાલીની પાછળ દોડ્યાં. રસ્તામાં તેમને પકડી પાડી તેમના હાથમાં નોટો મૂકતાં પૂ. મા કહે કે આ રીતે કરવું હોય તો હવે આ સંસ્થામાં પગ ન મૂકતા. પૂ. માનો આ પ્રસંગ તલવારની ધાર પર જીવાતા આધ્યાત્મિક જીવનની સતત જાગૃતિ બતાવે છે. તેજ ક્ષણે પોતે જાતેજ દોડીને વાલી પાસે પહોચ્યાં તેમાં અજાણતાં થયેલા ખોટા વ્યવહારને એક ક્ષણ પણ ન નભાવવાની તીવ્ર તમન્નાનું દર્શન થાય છે. નહીંતર એ નોટો બીજા સાથે મોકલી શકયાં હોત.

પૂ. માના જીવનમાંથી આ રીતે સતત જીવન જાગૃતિના પાઠો શીખવા મળે છે. ટાંચણીનો પ્રસંગ એવો છે કે સામાન્ય રીતે તે આપણા મનમાં આ કળીયુગમાં ઉદ્‌ભવે જ નહીં. તે વખતે પૂ. મા સાથે આશાબેન રહેતાં. પૂ. મા એ જ આ પ્રસંગ કહ્યો. પૂ. માએ કહ્યુ "એક વખત આશાને થોડી ટાંચણીની જરૂર પડી. એટલે મને કહે, ફોઇ મારા માટે તમારી સ્કૂલમાંથી થોડી ટાંચણીઓ લેતાં આવજોને ? મેં તરત જ કહ્યુ કે એ તો નહીં બને. બજારમાંથી તારા માટે લેતી આવીશ."

ટાંચણી તો સાવ મામૂલી વસ્તુ છે. પરંતુ પૂ. મા માટે એ સોના જેટલી કિંમતી છે. મનમાં લાલચનું નાનકડુ છીંડુ પણ પડવા દેતાં નથી. આઠેય પહોર મન પર સતત ચોકી

પહેરો ચાલી રહ્યો છે, શત્રુઓ તો મનમાં ઘુસવા તૈયાર રહે, પણ ચોકીદારની સતર્કતા એટલી છે કે એક ક્ષણપણ શિથિલતા કે બેદરકારીમાં વીતતી નથી. છેક બાલવયથી ચાલી રહેલી અણિશુદ્ધ પવિત્રજીવનની જાગૃતિ આજે પણ ઉગ્ર તપશ્ચર્યાના કામમાં, મહાકઠિન વ્રતોના પાલનમાં પૂ. માના જીવનમાં જોવા મળે છે.

બાપજી આવ્યા એટલે પૂ. માએ તેમને પૂછ્યું કે પંડિતજી કેમ ન આવ્યા ? શું કુંડલીઓ જુએ છે ? વિજયભાઇ પંડિત જ્યોતિષવિદ્યા જાણે, એટલે એ કામમાંજ રોકાયા હતા. પૂ. મા બાપજીને दिलादे भिख दर्शनकी...ભજન ગાવાનું કહે છે. બાપજી ભજન ગાય છે. પૂ. મા સહિત સૌ એકાગ્ર ચિત્તે સાંભળે છે. પૂ. શ્રીને એ ભજન ખૂબ ગમતું.

પૂ. મા દરરોજ ડાયરીનાં પાના ઉપર પ્રાર્થનાના ભાવો વહેતા મૂકે છે. ૧૬મી જુન '૮૭ ની ડાયરી પૂ. મા વાંચે છે. પૂ. મા પ્રભુને પ્રાર્થના કરતાં કહે " હે પ્રભુ ! અમે તને દરરોજ પાનાં ભરીભરીને પ્રાર્થનારૂપી પ્રેમપત્રો લખીએ છીએ, તો જરૂર આવજો. જગતના વ્યવહારમાં સંસારીઓનું આમંત્રણ આવે એટલે સૌ જાય, પોતે પહોંચી ના શકે તો બીજાને મોકલે, તરતજ પહોંચી ન શકાય તો પાછળથી મળી આવે જેથી યજમાનને ખોટું ન લાગે. તો હે પ્રભુ, તારા ધામમા પણ કંઇ નિયમ તો હશે જ ને ? અમારા આમંત્રણને માન આપી તું જરૂર આવજે. "

પત્ર લખું તને પ્યારા પ્રભુ, વેગે વ્હેલો આવજે,
જરૂર આવજે, રોજ લખું તને, વાંચી હૈયું હલાવજે.

એક વખત સત્સંગ સરિતા શરૂ થઇ એટલે પૂ. મા એ પ્રવાહમાં ડૂબી જાય છે. આજે ખાસ કરીને ઇલાબેનને ઘણાં સમયે મળવાનું થયું છે. તેમને જોઇનેજ પૂ. માના દિલના



ભાવો આંખોમાંય વહેવા માંડ્યા છે. વ્યવહારિક જગતનો ત્યાગ કર્યા પછી સાધનામય જીવનમાં પ્રભુને પામવા કેવાં મનોમંથનો ચાલ્યાં તે ભાવો સતત બે કલાક સુધી વહેતા રહ્યા. સહકાર્યકરના રૂપમાં જોયેલાં સરોજબેનને આજે માતૃત્વપદે પ્રતિષ્ઠિત થયેલાં જોઇને ઇલાબેનને ખૂબ આનંદ થયો.

સત્સંગસભા ચાલુ હતી ત્યાં પંડિતજી આવ્યા. પ્રણામ કરીને બેસવા જાય છે ત્યાં પૂ. મા કહે " ઉભા રહો " પંડિતજી આજ્ઞાકિંત વિદ્યાર્થીની જેમ એક બાજુ ઉભા રહે છે. અમને બધાને એમ કે પાંચેક મિનિટ ઉભા રાખશે. પરંતુ એ શિક્ષા તો લાંબી ચાલી. અમારી પણ ધીરજ ખૂટી. છતાં પૂ. મા આજે અડગ હતાં. સત્સંગસભા પૂરી થવા આવી ત્યારે પૂ. મા પંડિતજીને કહે " બેસો હવે, શા માટે ઉભા રાખ્યા તે પૂછજો બાપજીને. "

સત્સંગને છોડી જ્યારે કોઇને જગતના વ્યવહારો પાછળ દોડતા જુએ ત્યારે પૂ. માના મુખારવિંદ પર પુણ્ય પ્રકોપની એકાદ લકીર ખેંચાઇ આવે છે. સત્સંગના સમયે બધુ એક બાજુ મૂકીને સમયસર હાજર થઇ જવું જોઇએ. પ્રભુને ફાળવેલા સમયમાં પ્રભુના જ થઇને રહેવું જોઇએ.

પાછળથી પંડિતને અમે પૂછ્યું કે આજે તો તમારે શિક્ષા સહન કરવી પડી કેમ ? પંડિતજી હસતા હસતા કહે " આજે તો હું શિક્ષા પામીને ધન્ય બની ગયો ! શિક્ષામાં પૂ. માની જે આત્મીયતાનાં દર્શન થયાં તે મારા માટે અહો-ભાગ્ય કહેવાય. પૂ. મા સિવાય આવો પ્રેમ કોણ આપે ?"

પૂ. મા આજે સુરતના દર્શનાબેનને પણ યાદ કરે છે. તેમના જીવનમાંથી ગુરુદેવપ્રભુએ કાંટો દૂર કરી કેવું નવજીવન બક્ષ્યું તેની વાત ગઇકાલની શિબિરમાં પૂ. માએ કહી હતી. આજે હોસ્પીટલની માંદગી દરમ્યાન મા શારદા અને રામ-

કૃષ્ણના દર્શનની કૃપાથી જે શક્તિ મળી, શ્રદ્ધા જાગી તે વાત પૂ. મા કહે છે.

પૂ. માને આજે નિર્જળા વ્રત છે. છતાં છેક બારથી ચાર વાગ્યા સુધી એકધારો સત્સંગ ચાલતો રહ્યો. વળી હમણાં છ વાગ્યાથી વળી જાહેર સત્સંગનો કાર્યક્રમ શરૂ થશે. પ્રભુપ્રેમમાં કેવી મસ્તી! એ પાગલપણામાં દેહનો જાણે છેદ જ ઉઠી જાય છે! એટલે જ પૂ. માએ હમણાં જ કહ્યું "અમારી જીવન ગાડીનાં વીલ એવાં છે કે તેમાં પંચર પડતા જ નથી."

સત્સંગનો સમય પૂરો થાય છે, પૂ. મા ઊભાં થઈને બાજુના રૂમમાં જતાં, ત્યાં સાધકોના બિસ્તરા પોટલા જોઈને કહે "આતો જાણે અમારે ત્યાં લગ્નનો પ્રસંગ"–જીવ શિવના" પૂ. માની એ હળવી રમુજથી હાસ્યથી ઓરડો ભરાઈ ગયો.

'એક ઘડી આધી ઘડી'માં સાધુ જીવનની સંગતિમાં જે અમૃતબિંદુઓ ઝીલાયાં તેનું આચમન કરી સૌ વિખરાયા.

—*—

*** પુણ્યતિથિ નિમિત્તે સરોડામાં સંકીર્તન ***

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની જન્મભૂમિના ગામ સરોડાના તેમના યોગેશ્વરધામમાં તેઓની ચોથી પુણ્યતિથિ નિમિત્તે તા. ૧૮/૩/૮૮ના રોજ તેઓશ્રીના ભક્તો તરફથી ખાસ ભજન અને સંકીર્તનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામજનોએ સારી સંખ્યામાં ભાગ લઈ, પૂ. શ્રીને અંજલિ આપી હતી.



# ચિન્તા

રામુ પારેખ

જ્યાં સુધી મનુષ્ય ચિન્તાઓ અને આમોદ-પ્રમોદની ભાવનાઓથી ઉદ્વિગ્ન રહે છે, ઇચ્છાઓ અને કામનાઓનું ભૂત તેને ચેન નથી લેવા દેતું ત્યાં સુધી બુદ્ધિનો ચમત્કાર પ્રકટ થતો નથી, કારણ કે તે વેળા બુદ્ધિ અનેકવિધ સાંકળોથી જકડાએલી હોય છે અને સ્હેજે હાલીડોલી શકતી નથી. ચિન્તાઓ અને કામનાઓ શાંત થતાં જ સ્વતંત્ર વાયુમંડલનો જન્મ થાય છે જેમાં બુદ્ધિને ખીલવાનો અવસર મળે છે. પંચ ભૌતિક બંધનો કપાઇ જાય છે અને શુદ્ધ આત્મા પોતાના પ્રકાશમાં ચમકવા લાગે છે.

તો આ ચિન્તા આવે છે કયાંથી? ચિન્તા માનવને કોઇને કોઇ જડ વસ્તુમાં ચિત્તને જડાકાર બનવાનો અવસર પ્રાપ્ત થતાં જ મસ્તિષ્કમાં પ્રાદુર્ભાવ પામે છે, જે તેના શુદ્ધ અનાવૃત્ત ચૈતન્યને ઢાંકી દે છે. સૂરજને વાદળો ઢાંકી દેતાં જેમ અંધકાર પ્રવર્તમાન બને છે તેમ અનાનંદક આવરણ બનાવી દે છે. આત્મા સ્વતઃ પ્રેમસ્વરૂપ અને આનંદ સ્વરૂપ છે.

ચિત્તને જડ બનાવવામાં દેહથી માંડી કોઇ પણ જડ વસ્તુ પોતાની પાસેથી ચાલી ન જાય તેના ભયમાંથી અથવા તે વસ્તુને પ્રાપ્ત કરવા માટેની ઇચ્છામાંથી પેદા થાય છે. અથવા તે વસ્તુ તેમની તેમ જેમ છે તેમ જ બની રહેવી જોઇએ તેવી ભાવનામાંથી પેદા થાય છે. સંસાર પરિવર્તનશીલ છે. પ્રત્યેક ક્ષણે તે પરિવર્તન પામી રહ્યો છે અને દરેક વસ્તુ છુટતી રહી છે. જેમ કે બાળપણ છુટી ગયું અને જવાની આવી તથા જવાની પણ છુટી ગઇ અને વૃદ્ધા-

વસ્થા આવી અને તે પણ અટલ રહેવાની નથી. એટલે કે દેહ જે જડ છે તે પરિવર્તનશીલ છે તેને કોઈ રોકી શક્યું નથી. છતાં તેને રોકવાની પેદા થતી ઈચ્છા જ ચિન્તાને પેદા કરવાનો ભાગ ભજવે છે અને તેમાંએ સૌથી મોટી ચિન્તા તો મનુષ્યને મૃત્યુની છે. સૌ જાણે છે કે તેને કોઈ ટાળી શક્યું નથી તથા તે આવીને જ રહે છે. વળી તે આવવાનું હોય છે તેનાથી પહેલાં કે પછી સ્હેજ પણ આઘું પાછું થતું નથી.

अग्निर्ज्योतिरहः शुक्लः षणमासा उत्तरायगम् ।
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥

ગીતાના અધ્યાય ૮ માં ૨૪ મા શ્લોકમાં સ્થળ જણાવ્યું છે કે જે કાળમાં મનુષ્યના મનમાં સ્થૂળ પદાર્થોની કામના રહી ન હોય અને તેમનાથી પર–ઉપર જવાની ભાવના હોય, તેમ જ વાદળોથી રહિત છ મહિનાના શુદ્ધ દિવસ જેવી તથા ધુમાડા રહિત અગ્નિ જેવી આત્મપ્રકાશવાળી નિર્મળતા પ્રાપ્ત થઇ હોય, ત્યારે શરીરનો ત્યાગ કરનાર બ્રહ્મજ્ઞાની બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે.

અહીં શરીરનો ત્યાગ કરીને તે અભિપ્રેત કર્યું છે કે તમે શરીર નથી અને તેથી શરીર અને શરીર સાથે જોડાયેલ આ સમસ્ત સંસારને છોડવાનો છે જ. અરે ન છોડીએ તોયે ઉપર જણાવ્યું તેમ મને કમને છૂટી જ રહ્યું છે. તો શા માટે મનથી તેને શરૂઆતથી જ છૂટેલું માનીને જગતનો વ્યવહાર જળકમળવત ન કરવો! ચિત્તને સ્થૂળતાથી સૂક્ષ્મતા તરફ લઈ જઈ-વાળી લઈને પોતાના "સ્વ" રૂપમાં શાંત કરવામાં આવે તો ચિન્તાઓનો કોઈ પ્રશ્ન જ ઊભો ન રહે. હવે આ રીતે પર–ઉપર જવાની ભાવનાને તે રીતે જીવન-પર્યંત દૃઢ કરવામાં આવે તો તેના માટે માત્ર માન્યતાઓને



જ છોડવાની રહે છે. બાકીનું બધું તો જેમનું તેમ જ રહે છે. તે બધું જ કૂટસ્થ ઉપર આવતું જતું રહેશે, કારણ કે તેનાથી ત્યાગ કરીને જુદા થવાનું નથી. માત્ર માન્યતા બદલવાની છે જે ચિન્તાનું મૂળ છે. સમુદ્ર અને તેમાંથી ઉઠતાં તરંગ–મોજાં અલગ કરી ન શકાય તે એક જ હોવા છતાં નામ અને રૂપથી માનીને અલગ માન્યતા બાંધવામાં આવી છે, પણ બન્ને પાણી જ છે એમ માની લેવાથી ચિત્તને શાંતિ પ્રાપ્ત થાય છે. જે તેનું મૂળ સ્વરૂપ છે. અને તેનાથી જ બ્રહ્મભાવને પ્રાપ્ત થઈ શકાય છે. આમ એક તરફ જ્યાં આ ભાવના ધીરે ધીરે દૃઢતાને પામે ત્યાં નેતિ નેતિ દ્વારા અથવા દરેકમાં ભગવાનને જોવાની વૃત્તિ દ્વારા એકતાને પ્રાપ્ત થવાય છે અને પછી તો કોણે કોના માટે ચિન્તા કરવાની બાકી રહેશે ?

આવી ભાવનાથી દેહાધ્યાસ ધીરે ધીરે નીકળતો જશે. પોતાને અને અન્યને દેહ માનવાની જન્મોપૂરાણી માન્યતાનો અંત આવતાં દરેક ચિન્તાઓનું મૂળ જ રહેશે નહીં. પ્રેમ, ધીરજ અને સહનશીલતા જેવા ગુણો વિકસવા લાગશે, જેથી કરીને પ્રારબ્ધવશ બધું જ થતું રહેતું હોવા છતાં ચિન્તા અને દુઃખ એટલાં બધાં પીડાકારક નહીં બને. બલ્કે દૃઢ ભાવના થતાં તો આવતાં જતાં રાહદારી જેવાં લાગશે. રસ્તાઉપરના ઘર પાસેથી નનામી કે વરઘોડો પસાર થવા છતાં રોજ માટે ટેવાઈ જવાય છે તેવું મનોબળ કેળવાશે. એટલું જ નહીં ઉપરના શ્લોકમાં જણાવ્યા પ્રમાણે પરલોક અને આ લોક બન્ને સુધરી જશે.

(પૃષ્ઠ ૧૬ નું અનુસંધાન)

શિબિરમાં સતત બે દિવસ રાત્રે સાધક ભાઇબહેનોએ ગરબા, ભજન અને ધૂનોની રમઝટ માણી. પૂ. મા પણ તેમાં ઉપસ્થિત રહી, સાધકોને પ્રોત્સાહિત કરતાં. આ શિબિરમાં પૂ. શ્રી વિષ્ણુ ચૈતન્યજીનું જીવનનું લક્ષ્ય ને તેની પ્રાપ્તિના ઉપાયો ઉપરનાં બે પ્રવચનોએ યુવાન સંન્યાસીની વિદ્વત્તાની સરસ છાપ પાડી; તેમજ પ્રા. શ્રી અશ્વિનભાઇ દેસાઇએ આપણી ભકિત એ વિષય ઉપર સરસ પ્રવચન આપ્યું. ભકિતમાર્ગમાં પણ સાધક જીવનભર કેવળ અર્ચન અને પૂજનમાંજ અટવાઇ ન જાય, પણ સાથે સાથે તેના ચૈતન્યનું ઉપાસ્ય દેવ સાથે અનુસંધાન સાધે તે જરૂરી છે, તે ઉદાહરણ સહિત સમજાવ્યું. ઉપાસ્ય દેવ ચિન્મય છે ને તમારી પૂજા ગ્રહણ કરે છે, એવો અટલ વિશ્વાસ ભકતના દિલમાં હોવો જરૂરી છે. તોજ ભકિત ફળે છે, એમ તેમણે કહ્યું.

શિબિરાર્થીઓની આધ્યાત્મિક સાધનામાં સહાયભૂત થાય એ માટે યોગનાં આસનો અને પ્રાણાયામની સમજ સતત ત્રણ બેઠકોમાં નિષ્ણાત શ્રી જયકરજીએ આપી, સાધકોને મુગ્ધ કરી દીધા. આસનો એ કેવળ શારીરિક કસરત નથી, પણ મનને શાંત કરવાની ક્રિયામાં સહાયભૂત થનારી પ્રક્રિયા છે, એ વાત તેઓએ અતિ ઉપયોગી એવાં દસેક આસનોનું નિદર્શન કરી સરસ રીતે સમજાવી.

પ્રાણાયામની સાધનામાં ખાસ ધ્યાન રાખવા જેવી ઉપયોગી સૂચનાઓ પણ એમણે આપી. સાચી વાત તો એ હતી કે શ્રી જયકરજીનું પોતાનું જીવન સાચા અર્થમાં આત્મિક સાધકના જેવું નિસ્પૃહી ને શ્રદ્ધાનિષ્ઠ છે.

શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે પૂ. માના ભાઇશ્રી વામનભાઇ



તરફથી સર્વે શિબિરાર્થીઓને કપૂરા પધારવાનું પ્રેમભર્યું આમંત્રણ મળ્યું. શિબિરમાંથી આવેલ લગભગ ૨૦૦ જેટલા સાધક ભાઇ બહેનોને એમણે અને એમનાં ધર્મપત્ની શ્રી ગંગાબેને ફ્રુટસેલાટ, પૂરી ને ફરસાણનું સરસ ભોજન જમાડયું. આના અનુસંધાનમાં પૂ. માએ કહ્યું કે અમારાં મા-પિતાએ અમારામાં આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન કરેલું એને લીધે અમને જન્મોજનમ એવાં માતાપિતા મળે એવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ. વળી અમારા સ્વર્ગસ્થ પિતાજીની આતિથ્ય પરંપરા અમારા ભાઇ-ભાભી જે રીતે સાચવી રહ્યાં છે, તે જોઇને અમને આનંદ થાય છે.

સર્વે સાધકોએ પૂ માના પૂર્વાશ્રમના આવાસને જોઇને પ્રસન્નતા વ્યકત કરી તેમજ એમનાં માત-પિતાને શ્રદ્ધાંજલિ અર્પતાં વંદન કર્યા.

એમનાં મોટાં બેન સુશીલાબેન અને એમના પતિ મોહનલાલની ભાવનાને માન આપી તેઓના નવા આવાસમાં પૂ. માએ ભજન અને ધૂનના સુરીલા સ્વરોથી સમગ્ર વાતાવરણને ભરી દીધું. સાધકોએ પણ પૂ. માની સાથે "શ્યામ મિલાદે, રાધે રાધે' ધૂનની અદ્ભુત મસ્તી માણી.

બારડોલીના શિબિરના સ્થળથી સાધકોને કપૂરા ગામે લઇ જવાની ગોઠવણ અને કાર્યક્રમ સમાપ્ત થયા પછી વ્યારા પહોંચાડવાની સમગ્ર જવાબદારી પૂ. માના ભાઇ શ્રી વામનભાઇએ જાતે વાહન હાંકી રાત્રિના ૩-૩૦ સુધી બજાવી, નમ્રતા અને ઉત્તમ સેવાનું દર્શન આથી મોટું સાધકોને માટે શું હોઇ શકે. જે સાધકો રોકાયા, તેમના રોકાણની બધી વ્યવસ્થા હરવખતની જેમ શ્રી ઈશ્વરભાઇ અને મણિબેન તેમજ બીજા પૂ માના ભકત પરિવારોએ ઉઠાવી.

શિબિરાર્થીઓના મનની એ છાપ હતી કે આજની દુનિયામાં કપૂરા એ સાચા અર્થમાં ગોકુળિયું ગામ છે. પૂ. માના જન્મથી એ ભૂમિ ખરેખર પવિત્ર અને મહિમાવંત બની છે. ધન્ય છે ધરતીની એ પદરેણુને!

શિબિરને સફળ કરવામાં બારડોલીના સાધક શ્રી હરેન્દ્રભાઇ પાઠક, તેમજ સેવાભાવી ડો. કલાબેન પટેલ અગાસી માતાના સ્થાનાધિપતિ શ્રી દવેબાપુ અને એમનો સમગ્ર પરિવાર, શ્રી અતુલ કોન્ટ્રેકટર તેમજ ઘણા નાનામોટા સાધક ભાઇ બહેનોનો જે ફાળો રહ્યો-તે સહુને યાદ કર્યા સિવાય કેમ રહેવાય?

બહિર્મુખ વૃત્તિથી જ મન ચગડોળે ચઢે છે મ, માટે જેમ બને તેમ અંતર્મુખ થવું.

તદ્દન નિર્લોભિપણું એ શાંતિનું મૂળ છે.

અજ્ઞાનીઓને ઈશ્વર દેખાતો નથી, ત્યારે જ્ઞાનીઓને જગત દેખાતું નથી.

મન પર કાબુ રાખતાં શીખો. નહિ તો જીંદગી ઝેર થઇ જશે.

બ્રહ્મનિષ્ઠામાં રહેનારનું કુદરત માતા તુલ્ય રક્ષણ કરે છે.

મૌન અને એકાંતથી જ સંયમ સાધ્ય થાય છે.

જ્ઞાનીએ ઘરમાં પણ અતિથિ કે ભિક્ષુ તરીકે રહેવું.

શ્રીમંતનો સંબંધ કદાચ ધન અપાવશે, પણ શાંતિ તો નહિજ અપાવે.

બચપણથીજ જે સંયમનો આગ્રહ રાખે છે એનું જીવન ઉજવળ બને છે.



# શિબિરાર્થીઓના પ્રતિભાવો

આ શિબિરમાં પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તા. ૨૦/૩/૮૮ ના રોજ શિબિરાર્થીઓ સમક્ષ જે ઉદ્‌બોધન કર્યું તે એટલું બધું પ્રભાવશાળી ને ભાવવાહી હતું કે પૂ. માની આત્મિક અનુભૂતિનો રણકો એમની વાણીમાં સંભળાતો હતો. " she Spoke with authenticity. કેટલો બધો જુસ્સો, ને કેવો અદ્‌ભુત અનોખો ભાવ એમાં વ્યકત થતો હતો! આધ્યાત્મિક અનુભૂતિ સિવાય આવી દિવ્ય વાણી વ્યકિતના મુખમાંથી નીકળી ન શકે. —ચંદ્રકાન્તભાઈ જેરાજાણી

બારડોલીની શિબિર એ સાચા અર્થમા આધ્યાત્મિક શિબિર લાગી, કારણ કે શહેરી વાતાવરણ અને સુવિધાઓથી દૂર હોવાને લીધે, અને પૂ દવે બાપુ જેવા સાધુ પુરુષના ધાર્મિક આસ્થાવાળા મા જગદંબાના પવિત્ર સ્થાનમાં એ યોજાઈ, એનો લાભ સાધકોને સહજ રીતે મળ્યો એ જેવી તેવી વાત ન લેખાય.

અહીંનું આયોજન પણ એટલું બધું સરસ કે ખાડા જાજરૂની અગવડ ને ખુલ્લામાં સ્નાનની પ્રતિકૂળતા સાધકોના મનમાં વસીજ નહિ, સાવ ભૂલાઈ ગઈ. ભોજનની વ્યવસ્થા સર્વોત્તમ. -વિઠ્ઠલભાઇ ગોહિલ

શિબિરના સ્થળનું આયોજન વિચારાયું ત્યારે કબીરવડ અને અગાસી માતાના સ્થાનો વચ્ચે પસંદગી કરવાની હતી. એટલે સર્વમંગલ ટ્રસ્ટ વતી શ્રી ઈશ્વરભાઇ ભક્ત અને શ્રીઅતુલભાઈ કોન્ટ્રેકટરે જયારે મને કહ્યું કે પૂ માની સંમતિ અગાસી માતાના સ્થાન પર ઉતરી છે. ત્યારે મેં પૂછેલું કે પાસે નદી છે કે કેમ? પરંતુ નદી કિનારે આ સ્થાન ન હોવાથી મને મનમાં સ્હેજ રંજ થયેલો. પરંતુ આજે એટલે

તા. ૨૦ મીની સવારે કેદારેશ્વર મહાદેવના સ્થાનમાં નદીના પ્રવાહમાં વહેલી સવારે મને સ્નાન કરવા મળતાં, અદ્ભુત રીતે મારી ભાવના પ્રભુએ પૂરી કરી. મને ખૂબ આનંદ થઈ ગયો.

— વિનુભાઈ અમીન.

આ શિબિરમાં ભોજન તો સરસ મળતું, પરંતુ મને ડાયાબીટીઝ એટલે મારાથી મીઠાઇ તો ખવાય નહિ. એથી મને ફરસાણ ખાવાની ઇચ્છા મનમાં થયાં કરતી. પરંતુ તે માટે થોડું કોઇને કહેવાય? મારે મારી સાથે લાવેલ ખાખરા ખાઈને સંતોષ માનવો પડતો.

પરંતુ પ્રભુની લીલા તો જુઓ. હું આવી લાગણી લઈને પાછો ઘરે જાઉં તે પૂ. મા પ્રભુને ગમે ખરૂં! એમણે અદ્ભુત રીતે પૂરી કરી. કપૂરામાં પૂ. માશ્રી સર્વેશ્વરીના પૂર્વાશ્રમના વડીલ ભાઇ શ્રી વામનભાઈ અને ગંગાબેને બધાજ શિબિરાર્થીઓને પોતાના ઘરે આમંત્રી, ફ્રૂટસેલાટ ખમણ, સેવ, પૂરી વગેરેનું ભોજન આપ્યું. એટલે અનાયાસેજ મારી ફરસાણના ભોજનની ભાવનાની પૂર્તિ થઇ ગઈ. શિબિરમાં પૂ. માની દિવ્ય વાણી સાંભળવાનો લહાવો મળ્યો તે ખરેખર અવર્ણનીય હતો. મારા મનની અને તનની શાંતિ મને અનુભવાઇ.

–ચંપકભાઈ શાહ

આ શિબિરના અંતે મને લાગ્યું કે જેમણે આ શિબિરમાં હાજરી ન આપી કે જેઓ ન આપી શકયા, એમણે જીવનમાં ઘણું ગુમાવ્યું. જીવનનું એક અવિસ્મરણીય આધ્યાત્મિક ભાથુ એમાં પ્રાપ્ત થયું.

–ઘનશ્યામભાઈ દેસાઇ

પૂ. માના સાન્નિધ્યમાં આવો આનંદ આવતો હશે ને શિબિરમાં સંસાર સર્વપ્રકારે ભૂલાઇ જતો હશે એની પ્રતીતિ મને અહીં પહેલીવાર થઈ. હવે તો પૂ. માનો આવો જ્યાં જ્યાં કાર્યક્રમ હોય ત્યાં લૌકિક કે વ્યવહારિક પ્રતિકૂળતાઓનો



વિચાર કર્યા સિવાય જરૂર જવું એવો મનમાં સંકલ્પ કર્યો.

–કનૈયાલાલ ઝીંઝુંવાડિયા

પૂ. શ્રી યોગેશ્વરજીની કૃપાથીજ હું આ શિબિરમાં આવી શકી. મુંબઈથી નીકળવાના છેલ્લા સમય સુધી મને ભારે તાવ હતો, પરંતુ મનની પ્રબળ ઇચ્છાને લીધે, કશીય મુશ્કેલી વિના અહીં આવી શકાયું, ને શિબિરમાં ભાગ લઈ શકાયો તેમાં પૂ. માની કૃપાનું મને દર્શન થયું.

–વિમળાબેન ભટ્ટ

આ શિબિરમાં આધ્યાત્મિક વાતાવરણનો લાભ તો અમને મળ્યો. પરંતુ પ્રભુમાં અમારી શ્રદ્ધા દૃઢ થાય એવા પૂ શ્રી દવેબાપુના અનુભવો પણ અમને સાંભળવા મળ્યા તે ઘણી મોટી વાત લેખાય.

વળી આજના અર્થ અને સ્વાર્થપરાયણ યુગમાં માણસો આટલાં બધાં ઉદાર થઈ શકે તેનું પ્રત્યક્ષ દર્શન પૂ. માની કૃપાથી અમને થયુ એ જેવી તેવી વાત ન લેખાય : શિબિરાર્થીઓને ભોજનમાં રોજ પાપડ તેમજ દરરોજ ભોજનના અંતે છાશ મળે તે માટે શ્રી મણિબેને પ્રેમપૂર્વક સેવા આપી. રોજ સવામણ દૂધની છાશ તેઓ કપુરાથી કરીને લાવતાં. કેવો અદ્ભુત ભાવ!

–કુમુદચંદ ત્રિવેદી

ચૈત્ર મહિનાના પ્રારંભમાં કોઇને કહીએ કે કેરીના રસનું જમણ અમે શિબિરમાં પામ્યા તો કોઇ ગાંડાજ ગણેને! પરંતુ માણસની સદ્ભાવના શું કરી શકે છે તે પ્રભુએ અમને બતાવ્યું. તા. ૧૮/૩ ના રોજ સાંજના જમણમાં આશાબેન ભકતે સર્વે સાધકોને–તૃપ્ત થાય ત્યાં સુધી–કેરીનો રસ જમાડ્યો. ખૂબ ભાવ ને પ્રેમથી જમાડ્યો. કેરીના રસની મીઠાશમાં આશાબેનની સદ્ભાવનાની ને પ્રેમની મીઠાશ ભળી ગઇ.

–આનંદીબેન હ. જાની

શ્રી યોગેશ્વરજીની આત્મકથા

# પ્રકાશના પંથે

( ગતાંકથી ચાલુ )

સં. પરમાર્થી

દિલ્હીના ઉદ્યોગપતિ શ્રી એચ. એસ. દાસસાહેબ મારા પ્રવચનોમાં નિયમિત રીતે આવવા માંડ્યા. પરિણામે એમનો પ્રેમભાવ વધતો ગયો. મસુરીમાં મને સ્હેજ પણ અગવડ ના પડે તે માટે તેમણે એક યોજના બનાવી. ગાંધી નિવાસ સોસાયટીનો ઉપરનો ભાગ નવેસરથી તૈયાર કરી રહેવા લાયક બનાવવાનો સોસાયટીની ગવર્નીંગ બોડીએ સર્વ સંમતિથી ઠરાવ કર્યો. આ કાર્ય માટે દાસસાહેબે પોતે પાંચ હજાર રૂપિયાની મદદ કરી. નિવાસસ્થાન તૈયાર થતાં તેમાં મને કાયમ માટે ઉતારો આપવામાં આવ્યો. તેથી ઈ. સ. ૧૯૬૬ થી પ્રત્યેક વરસે પાંચેક મહિના જેટલા લાંબા સમય પર્યંત મારે રહેવાનું થતું. પ્રવચનોને કારણે જનતાનું ધ્યાન સોસાયટી પ્રત્યે વધારે પ્રમાણમાં ખેંચાતું ગયું, જનતા એમાં રસ લેવા લાગી, એની સદસ્યતા વધી. એની કાયા-પલટ શરૂ થઈ.

પ્રવચનોની પ્રવૃત્તિનું એક બીજું શુભ પરિણામ એ આવ્યું કે દેશના ભિન્ન ભિન્ન ભાગોમાંથી આવતા પુરુષોનો સંપર્ક સધાયો. એમનામાંના કેટલાકના આમંત્રણથી મારે શિયાળા દરમિયાન જુદા જુદા પ્રદેશોમાં પ્રવચનો કરવા જવાનું થયું. ઇ. સ. ૧૯૬૯ થી માંડીને ઈ. સ. ૧૯૭૬ સુધીના સમયમાં જનતા પાસેથી પ્રવચનો દરમિયાન રૂપિયા ચાલીસ હજાર જેટલી રકમ એકઠી કરવામાં આવી અને મસુરીની જુદી જુદી છ સ્કૂલોના છસોથી પણ વધારે વિદ્યાર્થીઓને



ફીનીને બીજી મદદ કરવાનું શક્ય બન્યું. આ રીતે મસુરીમાં ગરીબ વિદ્યાર્થીઓની સેવાનું કલ્યાણકાર્ય પણ આરંભાયું.

તેથી સોસાયટીની સામાન્ય સભાએ તા–૯ જુલાઈ ૧૯૭૨ની બેઠકમાં એ બધી લોકપયોગી પ્રવૃત્તિઓથી પ્રેરાઇને પસાર કરેલો વિશેષ પ્રસ્તાવ જોવા જેવો છે: “સંતશ્રી યોગેશ્વરજી છેલ્લાં કેટલાંય વરસોથી સોસાયટીને માટે મહાન પ્રેરણાના સર્વોત્તમ સતત ઉદ્‌ભવસ્થાન જેવા બન્યા છે. એની ભાવિ સામાજિક પ્રવૃત્તિઓની ઊંડી ભૂમિકાના નિર્માણ કાર્યમાં કારણભૂત બનીને એના સર્વશ્રેષ્ઠ સહાયક થયા છે. સોસાયટી દ્વારા એના હોલમાં કરાવવામાં આવતાં એમનાં દૈનિક પ્રવચનો દ્વારા અને ગરીબ વિદ્યાર્થીઓને એમની પ્રેરણાથી અપાતી નક્કર મદદના સામાજિક સેવાકાર્યને લીધે સોસા-યટીની પ્રતિષ્ઠા જનસમાજની દૃષ્ટિમાં વધી છે. એ બધાં કારણોને લીધે સર્વ સંમતિથી ઠરાવ કરવામાં આવે છે કે સંતશ્રી યોગેશ્વરજીને આજથી સોસાયટી સાથે એના માર્ગ-દર્શક તરીકે જોડવામાં આવે છે, અને વિનંતિ કરવામાં આવે છે કે એ અમને બધી જ મહત્ત્વની વાતોમાં માર્ગ-દર્શન આપે.”

સોસાયટીના ઇતિહાસમાં એ પ્રકારનો પ્રસ્તાવ એ પહેલો જ હતો.

## ચંપકભાઇને શ્રદ્ધાંજલિ

તારીખ ૨૭ ઓકટોબર ૧૯૬૪ ને દિવસે શ્રી ચંપકલાલ વોરાનો આત્મા પંચમહાભૂતના સ્થૂળ શરીરને છોડીને ચાલ્યો ગયો. લૌકિક રીતે અથવા રૂઢ ભાષામાં કહીએ તો એમનું અવસાન થયું. એ કેવી રીતે બન્યું ? કાળને કોઇને કોઈ નિમિત્ત જોઇએ છે અને એ અનુસાર એમના અવસાનને

માટે પણ એક કરુણ. અતિ કરુણ. કહો કે કરુણાતિકરુણ નિમિત્ત ઊભું થયું. આગલે દિવસે રાતે રાજકોટના બેડીપરા વિસ્તારમાંથી ખેડૂતો સાથે વાતચીત કરીને એ લગભગ અગિયારેકના સુમારે પાછા ફરતા હતા. ત્યારે થોડા વખત પાગે ચાલવાથી એમને હાંફ ચઢી. એટલે ઘેર પહોંચવા માટે રસ્તામાંથી એમણે રીક્ષા કરી. પરંતુ એ રીક્ષા એમને માટે કાળના દૂત જેવી થઈ પડી. થોડીકવાર પછી સામેથી આવતા બંબા સાથે એ રીક્ષા અથડાઈ. એના પરિણામરૂપે ચંપકભાઈ ભયંકર રીતે ઘાયલ થયા. એમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ડોકટરોની મહેનત છતાં એ બચી ના શકયા તા. ૨૭ મી ને મંગળવારે બપોરે બારેક વાગે એમનું શરીર છૂટી ગયું.

બરાબર એ જ દિવસે અમે મસુરીથી નીકળીને દહેરાદૂન આવ્યા. ત્યાંથી ગુરુવારે ઋષિકેશ આવ્યાં ત્યારે બપોરે તાર મળ્યો. ત્યારે જ એ કરુણ ઘટનાની ખબર પડી. સૌથી પહેલાં તો મન માન્યું નહિ. પરંતુ પછી માન્યા સિવાય છૂટકો ના થયો.

લગભગ પંચાવન વરસની વયે ચંપકભાઇનું અવસાન થયું. ઉંમર કાંઈ બહુ મોટી ના કહેવાય. પરંતુ કાળ નાના-મોટાનો હિસાબ કયાં રાખે છે? એ તો પોતે ધારેલું જ કરે છે. માનવતાનો એક મહા દીવડો જાણે કે અકાળે ઓલવાઈ ગયો. સંસારની વિશાળ વાટિકામાંથી એક ફોરમવંતુ સુંદર ફૂલ ચૂંટાઈ ગયું. સમસ્ત સૌરાષ્ટ્રની અને એમાંયે રાજકોટની ધરતી આક્રંદ કરી ઊઠી. ચેતના, પ્રભા તથા શ્રી વિહોણી થઈ.

ઇ. સ. ૧૯૪૬ પછી ક્ષયરોગમાંથી સંપૂર્ણ સાજા થઈને



મારી જ સૂચનાથી લગ્નજીવનનો સ્વીકાર કરીને એ સ્થિર થયા, ત્યારથી દર વરસે મને મળવાનો એમણે સંકલ્પ કરેલો અને એ સંકલ્પ પ્રમાણે એ મને મળતા પણ ખરા. પરંતુ એવો એક પણ વખત ન હતો જ્યારે મળીને એમણે દેશની ચિંતા ન કરી હોય. દેશની સમસ્યાઓનું ચિંતન, મનન ને ચર્વણ એ હમેશાં કર્યા કરતા. છેલ્લે છેલ્લે મને મળવા માટે સરોડા આવેલા ત્યારે નહેરુજીનું અવસાન થયેલું. એટલે હવે દેશનું શું થશે! કેવી પરિસ્થિતિનું નિર્માણ થશે, કોણ વડાપ્રધાન બનશે, અને કોણે બનવું જોઇએ, તથા મોંઘવારીને દૂર કરવા માટે શું કરવું જોઇએ એની જ ચર્ચા વિચારણા કર્યા કરી. એમનું અંતર આખા દેશની સાથે એકતાનતા અનુભવતું. એમની વિચારધારા તથા ભાવના દેશવ્યાપી હતી.

રાજકોટ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે અને બીજી રીતે એમણે કરેલી સેવા સુવિદિત છે. જે રાજકોટ શહેરને સર્વાંગ સુંદર કરવા માટે એમણે જીવનભર પુરુષાર્થ કર્યો ને જેના એ કર્ણધાર ને પ્રાણ રહ્યા, તે રાજકોટ શહેર અને મ્યુનિસિપાલિટી એમના સ્મારકને માટે ગુણગ્રાહી તથા કૃતજ્ઞ થઇને કાંઈ કરશે ખરી? એમનું સ્મારક થાય એ ખરેખર ઇચ્છવા જેવું છે. એમના જેવા પ્રામાણિક અને આદર્શ લોકસેવકોનાં સ્મારક કરવામાં આવે એ બધી રીતે યોગ્ય જ છે.

એમના અવસાનથી સૌ કોઈને દુઃખ થયું છે. સૌએ એમને ભાવ ભરી અંજલિ આપી છે. સૌને પોતાના સ્વજનની વિદાય થઈ હોય તેવી ખોટ પડી છે. એમનું અવસાન સૌને સાલ્યું છે. ચંપકભાઇ એક આદર્શ અને મૂંગા લોકસેવક તરીકે જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા કરતા કરતા

શાંતિથી જીવી ગયા છે.

હોસ્પિટલમાં ભાનમાં આવ્યા પછી એમણે રીક્ષાવાળાના સૌ પ્રથમ સમાચાર પૂછેલા. અને કહેલું કે એને કોઈપણ પ્રકારની હેરાનગતિ ના થાય કે કોઇ સજા કરવામાં ના આવે એનું ધ્યાન રાખજો. એમને નાળિયેરનું પાણી આપવામાં આવ્યું ત્યારે પણ એમણે તરત જ જણાવ્યું કે રીક્ષાવાળાને પાણી આપો. એ શબ્દોમાંથી એમની દયા, નિર્વેરતા, સહાનુભૂતિ તથા સેવાભાવના ટપકે છે. એ અનોખી માટીના બનેલા હતા. એ આદર્શ માનવ હતા. એમના આત્માને શાંતિ તો મળી જ છે. ઈશ્વર એવા આત્માને શાંતિ ના આપે તો બીજા કોને આપે ? એવી શાંતિના એ અધિકારી હતા. (ક્રમશઃ)

જ્યાં ભેદ છે ત્યાં ભય છે.

મંત્ર મૂર્તિ અને માળા કદી ના બદલવાં.

પ્રભુ ખૂબ સંપત્તિ આપે તોયે દુઃખના દિવસો ભૂલશો નહિ.

અનીતિની રોટલી કરતાં, નીતિનો રોટલો સારો.

ખપ જેટલું જ બોલવું સારૂં.

મોજશોખમાં ગરીબાઇ નથી નડતી, નડે છે માત્ર બાળકોની યોગ્ય જરૂરીઆત પુરી પાડવામાં.

ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરે તે ભંગી.

હું ઉપર છું અને તું નીચે છે. એવી તકરાર માળાના મણકા કરતા નથી. વારા ફરતી ઉપર નીચે થાય છે.

સત્તાખોરોને, સત્યવક્તાઓ બંડખોર લાગે.

જેવી કૃતિ તેવી મતિ, અને જેવી મતિ તેવી ગતિ.



# રામકથા

(ગતાંકથી ચાલુ)

**શ્રી યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

[નોંધઃ-જાન્યુ. ૮૮ અંકનમાં ગયેલાં "રામકથા"નો આવી ભાગ ફરીથી ભૂલથી માર્ચમાં છપાયેલ છે, તો ક્ષમા કરવા વિનંતી]

રાજપ્રાસાદના સુંદર પર્યંકપર સુવાની ટેવવાળા રામ, સીતા અને લક્ષ્મણ સાથે કઠોર ભૂમિ પર કેવી રીતે સુતા હશે તે વાત ભરતની સમજમાં ના આવી શકી.

ઊર્મિલાનું અંતર પણ એ સ્થળને નિહાળીને ભારે કરૂણ બની ગયું. આંખમાંથી બહાર આવવા માગતા આંસુને એણે જેમ તેમ કરીને રોકી રાખ્યાં.

બીજે દિવસે નિષાદરાજની નૌકાઓની મદદથી ગંગા પાર કરીને ભરત સેના તથા બીજા સહપ્રવાસીઓની સાથે ભરદ્વાજ મુનિના આશ્રમમાં આવી પહોંચ્યો.

નિષાદરાજે પણ ભરતની સાથે જ પ્રવાસ કર્યો.

રામનું દર્શન ફરીવાર કરવાની ને રામ તથા ભરતનું મિલન જોવાની ઇચ્છાને એ ખાળી ના શક્યા.

ભરદ્વાજ મુનિ પ્રતાપી જ નહિ પરંતુ મહા પ્રતાપી સિદ્ધિ પ્રાપ્ત મુનિઓમાં અગ્રગણ્ય હતા.

તપશ્ચર્યાદ્વારા સાંપડેલી દૈવી સિદ્ધિઓની મદદથી એમણે ભરતની વિશાળ મંડળીનું સ્વાગત કર્યું.

એ સ્વાગતથી ચકિત થઇને ભરતે પૂછ્યું : 'આવા વિજન વનમાં અપરિગ્રહ વ્રતનું પાલન કરતાં તમે અમારું આટલું સુંદર સ્વાગત કેવી રીતે કરી શક્યા ?

ભરદ્વાજે સસ્મિત ઉત્તર આપ્યો : 'ભરત, એ બધો પ્રભાવ

મારો નથી પરંતુ પરમાત્માના પાવન અનુગ્રહનો છે. એનો યશ મને નહિ પણ પરમાત્માને ઘટે છે. તપસ્યાદ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર થતા, પરમાત્માના અલૌકિક અનુગ્રહને પરિણામે અનેક પ્રકારની અસાધારણ શક્તિઓ પ્રકટે છે. પરંતુ ઇન્દ્રિયોના વિષયોમાં ને દુન્યવી ભોગોમાં લપટાયેલો જીવ એ માયાપતિનું શરણ નથી લેતો ને માયામાં જ રચ્યોપચ્યો રહે છે, એ હકિકત છે. દુન્યવી વિષયોમાં ને ભોગોમાં પ્રીતિ કરવાને બદલે તમે રામના ચરણોમાં પ્રીતિ કરી છે તેને માટે તમને ધન્યવાદ ઘટે છે.

મુનિના આશીર્વાદ લઇને ભરતે આગળ પ્રસ્થાન કર્યું.

એનું મન રામને મળવા આતુર હતું અને રામના સુંદર સુમધુર સ્વરૂપની આજુબાજુ ફરી રહેલું.

ચિફૂત્રટની દિશામાં વેગથી આગળ વધતા ભરતને પોતાના પ્રવાસની પૂર્ણાહુતિરુપે દૂરથી જ્યારે ચિત્રકૂટની આજુબાજુ લીલીછમ, ઉત્તુંગ પર્વતમાળાનું દર્શન થયું ત્યારે એને અલૌકિક આનંદ થયો.

એનું અંતર અનુરાગથી ઉભરાઇને ઉછળવા લાગ્યું.

પંથ જેમ જેમ કપાતો જતો'તો તેમ તેમ રામને મળવાનો અવસર નજદીક આવતો જતો હતો.

ભરતની વિશાળ સેનાના પ્રયાણથી ઉડવા માંડેલા ધૂળના ગોટા જોઇને લક્ષ્મણે પર્વત પરના વૃક્ષ પર ચઢીને દૂર દૃષ્ટિ કરી. નીચે ઉતરીને એણે રામને કહ્યું : 'કૈકેયીના કહેવાથી તમે વનમાં આવ્યા તો પણ ભરતને હજુ સંતોષ થયો નથી લાગતો. પોતાની વિરાટ સેના લઇને એ અહિં આવી રહ્યો છે. એમ લાગે છે કે એ આપણે વનમાં રહીએ એવું પણ નથી ઇચ્છતો. રાજ્યસત્તા પ્રાપ્ત કરીને હવે એ આપણું કાસળ કાઢવા માગે છે. પરંતુ એવી રીતે આપણું કાસળ કાઢવાનું કામ સહેલું નથી એની ખાતરી હું એને કરાવી દઈશ.'

( ક્રમશઃ )

## જીવનનું લક્ષ્ય ને તેની પ્રાપ્તિ

મનુષ્ય જીવનનું લક્ષ્ય માત્ર ખાવું પીવું, હરવું ફરવું કે મોજમઝા કરવી એટલુંજ નથી. એથી ઘણું વિશેષ છે.

મનુષ્ય જીવન પ્રાપ્ત કરીને જો તમે પરમાત્મ તત્વ જાણી લીધું તો સમજજો કે તમે સર્વ કાંઇ પ્રાપ્ત કરી લીધું છે, અને જો એ પ્રાપ્ત ન થયું તો સમજજો કે બહુ મોટું નુકસાન થયું છે.

કોઇ પૂછશે કે એ તત્વને પામવાથી શું ફાયદો ? એનો જવાબ એ છે કે એને પ્રાપ્ત કરવાથી જે કાયમી પ્રકારના આત્મિક સુખની સંપ્રાપ્તિ થાય છે, તેની સરખામણીમાં દુનિયાની સમગ્ર સંપત્તિ કોઈ હિસાબમાં નથી. વળી ભૌતિક પદાર્થોથી પ્રાપ્ત થતું સુખ ક્ષણિક હોય છે. વળી જે માણસને સાચા અર્થમાં આત્મિક સુખની પ્રાપ્તિ થઈ જાય છે, તે બીજા અનેકોને એવા સુખની પ્રાપ્તિ કરાવવાની શક્તિ ધરાવે છે. તે માટે પ્રયત્નશીલ પણ રહે છે.

વ્યક્તિગત સાધના સિવાય કોઇની કૃપા કે આશીર્વાદથી કોઇનો ઉદ્ધાર થતો નથી. યોગ્યતા કે અધિકાર વગર પ્રાપ્ત થયેલ કૃપા કે આશીર્વાદ જીવન વિકાસમાં ખાસ ઉપયોગી પૂરવાર થતાં નથી.

( સ્વામીશ્રી વિષ્ણુ ચૈતન્યના વ્યક્તવ્યમાંથી )

ADHYATMA Regd. No. GBV 113

# * મનની શુદ્ધિ *

માણસો કોઇ કોઈવાર પૂછે છે કે મનની સ્થિરતા સહેલાઈથી કેમ નથી થતી ? તેમને આપણે કહીએ કે જેમ સ્થિરતા ના થવાનાં કેટલાંય કારણ છે તેમ મનને સ્થિર કરવાના ઉપાય પણ ઘણા છે.

તેમાંનો એક ઉપાય મનની શુદ્ધિનો છે. લગભગ બધાજ ઉત્તમ ધર્મો ને સંતપુરુષો મનની શુદ્ધિને મહત્ત્વની માને છે. જ્ઞાન, ભક્તિ કે યોગમાં તેની ખાસ જરૂર પડે છે. તેના વિના આત્મોન્નતિના માર્ગે આગળ વધવાનું કે સ્થિર થવાનું મુશ્કેલ થઇ પડે છે. એટલે એને ગૌણ ગણી એ પ્રત્યે આંખમીંચામણાં ના કરી શકાય.

મનની સ્થિરતાની ફરિયાદ કરનારા અથવા મનની એકાગ્રતા નથી થતી એમ કહેનારા સાધકો માનસિક રીતે વધારે ભાગે કમજોર હોય છે; અથવા તેમનું મન શુદ્ધ ને સાત્વિક નથી હોતું. મનને શુદ્ધ કરવાનો તે પ્રયાસ પણ નથી કરતા. તેને લીધે જપ કે ધ્યાન જેવી સાધનામાં બેસે છે ત્યારે તેમની માનસિક ચંચળતાનો પાર રહેતો નથી.

તેમનું મન દોડાદોડ કર્યા કરે છે. એનું કારણ એમણે વિચારપૂર્વકનો વ્યવસ્થિત વિકાસ નથી કર્યો એમાં રહેલું છે.

–યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧